
# ભક્તિરસામૃત



સંપાદક
રમણભાઈ લખાભાઈ ભકત

# ભક્તિરસામૃત

: સંપાદક :
રમણભાઈ લખાભાઈ ભક્ત
દેલાડ, તા. કામરેજ, જિ. સુરત

: પ્રકાશક :
રમણભાઈ લખાભાઈ ભકત
મુ.પો. દેલાડ
તા. કામરેજ
જિ. સુરત.

પ્રત : ૪૦૦૦
પ્રથમ આવૃત્તિ : ૧૬-૬-૨૦૦૦
કિંમત : ભકિત.

: મુદ્રક :
નટુભાઈ ગોપાળજી પટેલ
રોનક પ્રિન્ટર્સ
સકીના ચેમ્બર્સ
બારડોલી - ૩૯૪૬૦૧
ફોન (૦૨૬૨૨) ૨૧૦૮૫

# :: પ્રાસ્તાવિક ::

આપ સૌ ભકત પરિવારના સદ્સ્યોના કરકમળોમાં સ્વ. લખાભાઈ દુર્લભભાઈ ભકત, દેલાડની પુણ્યસ્મૃતિમાં ભાઈશ્રી રમણભાઈ ભકત અને પરિવાર તરફથી આ ભજન સંગ્રહ પ્રકાશિત થઈ રહ્યો છે. આદરણીય સ્વ. લખાભાઈ એક આધ્યાત્મિક પંથના ભજનિક અને સાદાઈને વરેલા ભકત હતા. તેમની અને તેમના ધર્મપત્નીની ચિરંજીવ યાદ સ્મૃતિરૂપે સચવાય રહે, ભકત પરિવારના દેશ, વિદેશના દરેક ઘરે આ ભજનસંગ્રહ પહોંચાડવાનો ભગીરથ સંકલ્પ કરી તેને સુપેરે પાર પાડયો છે. તેમાંથી મૃત્યુ સમયે, લગ્નપ્રસંગે તેમજ ભજનકિર્તન અવસરે પદોનું ગાન થાય. આબાલવૃધ્ધ યુવાનો બહેનો સહપઠન કરી ભારતીય સાંસ્કૃતિની ભકત પરંપરાને ભજનકિર્તન ગાનથી સાચવે. નવી પેઢીને ભકિતનો સુંદર વારસો પ્રદાન કરે તે હેતુના ચરિતાર્થે આ પુસ્તિકા ખૂબ જ ઉપયોગી બની રહો.

કબીર, મીરાબાઈ, તુલસીદાસ, નરસિંહ મહેતાના પદોની સાથે ભકતસમાજના લગ્ન સમયના, સ્વજનની વિદાય સમયના કિર્તનો, કાયમ ગવાતાં સુંદર ભજનોથી આ ભજનાવલિ તેની અનોખી ભાત પાડશે તેવી મને શ્રધ્ધા છે. ભકત પરિવારો દ્વારા આપણા વારસાને ટકાવી રાખવા દર વર્ષે કોઈક દાનવીર દાતા તરફથી આવો પ્રયત્ન થાય છે. જે પ્રશંસનીય છે. તેનાથી વધુ પ્રશંસનીય છે એ પુસ્તિકામાંથી ભજનોનો રસાસ્વાદ માણી જીવનભાથુ ભરી, ભજનોની સમજ મેળવી તેમાં દર્શાવેલું પ્રભુમય જીવન જીવી આધ્યાત્મિક માર્ગનો આપણો પંથ સંવારવો. આશા છે કે આ પુસ્તિકા દ્વારા આપણે ભકિતમાર્ગે આગળ વધી આત્મીય સુખની ખોજ માટે ખેડાણ કરીશું.

ફરીથી આ પુસ્તિકા પ્રકાશિત કરવાનો ઉમદા વિચારને અમલમાં મૂકનાર ભાઈશ્રી રમણભાઈ અને પરિવારને શુભકામના પાઠવું છું.

મુદ્રકશ્રી નટુભાઈ પટેલ રોનક પ્રિન્ટિંગ પ્રેસ દ્વારા મુદ્રણકાર્ય અને કબીરવાણીના તંત્રીશ્રી હસમુખભાઈ ભકત(ઓરણા)ની ભજનાવલિ તૈયાર કરવા બદલની કામગીરીને બિરદાવું છું.

અંતે આપણે સૌ ભકત પરિવારજનો આ પુસ્તિકાને વાંચી, વિચારી ભકત પરિવારનો ભજનનો વારસો ટકાવી રાખવા યથાશકિત કાર્ય કરીશું તેવી આશાને અપેક્ષા રાખી વિરમું છું.

સુરત
તા.

કરસનભાઈ લ. ભકત
પ્રમુખશ્રી
શ્રી રામકબીર મંદિર ટ્રસ્ટ, સુરત

## :: સંપાદકીય ::

સુજ્ઞ ભકત પરિવારના સૌ આત્મીયજનો.

આપના કરકંમલોમાં ભકિતરસામૃત પુસ્તિકા મૂકતાં આનંદ થાય છે. ભકત સમાજમાં પ્રસંગોચિત ગવાતા ગોડી, ભજનો, પ્રભાતિયાં, અંતિમ સમયના પદો વગેરેનો સંગ્રહ કરી મારા પૂજનીય સ્વ. પિતાશ્રી તથા માતૃશ્રીના સ્મરણાર્થે પ્રકાશિત કરવાનો વિચાર અમારા પરિવારને આવ્યો. પિતાશ્રીનું જીવન ભકિતરસથી ભરપુર, તેઓ સેવાભાવી જીવનનો સંદેશ આપી ગયા. કાયમ ભજનના પદ તથા આરતી સવાર-સાંજ ગાવાનો એમનો દ્રઢ સંકલ્પ. ઉત્તરાવસ્થામાં શેષ જીવન સમયે પણ હાથમાં માળા આપો તો કલાકો સુધી માળા કરતાં રહે. કબીરવડ એમનું પ્રિય ધાર્મિક સ્થળ અને કબીરજી એમના અતિપ્રિય કુલગુરુ. તેમની શબ્દ રચનાનું રટણ હંમેશાં તેઓના મુખે સાંભળવા મળે. પંરિવારને પણ આ ભાથું મળ્યુ. માતાશ્રી પણ સેવાભાવી અને આધ્યાત્મિક પ્રકૃતિ તથા આપત્તિ યુકત જીવન બંને પાસેથી જીવવાનો અમને વારસો મળ્યો.

એમના જીવન કવનની થોડી વાતો પણ પ્રેરણાદાયી રહી છે. એમના દિવ્યાત્માને શાંતિ અર્થે અને એમનું યતકિંચિત ઋણ અદા કરવાના નમ્ર પ્રયત્નના ભાગરૂપે સાચી શ્રધ્ધાંજલિ સ્વરૂપ આ પુસ્તિકા તૈયાર કરાય છે.

પુસ્તિકા તૈયાર કરવાના આ મંગલ કાર્યમાં અમારા સ્નેહીજન એવા ભકત સમાજના પ્રમુખશ્રી કરસનભાઈ લ. ભકતનો, સમાજનું મુખપત્ર કબીરવાણીના તંત્રીશ્રી હસમુખભાઈ રા. ભકતનો તેમજ મુદ્રક રોનકપ્રેસના નટુભાઈ પટેલ અને કંમ્પોઝ કરનાર આશિષ પટેલના અમો આભારી છીએ.

ઋણ સ્વીકાર કરી ફરીથી આપણા ભકત પરિવારજનોમાં આ પુસ્તિકા ખૂબ ખૂબ ઉપયોગી બની રહો અને પિતા-માતાને સાચા તર્પણરૂપ અમારા પ્રયત્નને પ્રભુના અમીઆશિષ સાંપડો તેવી ભદ્રભાવના સહિત.

દેલાડ
તા. ૧૯-૦૬-૨૦૦૦
કબીરજયંતી.

આપનો
રમણભાઈ લખાભાઈ ભકત-દેલાડ
તથા પરિવાર સદ્સ્યો.

# અનુક્રમણિકા

ભજન પાન


પ્રાસ્તાવિક
સંપાદકીય
અનુક્રમણિકા
સ્તુતિ.................... ૧૭
પહેલા સમરીએ ગણપતિ દેવને.................... ૧૯
બહુત ભલો હૈ ભાઈ.................... ૨૦
શ્રીગુરુને પાયે લાગું.................... ૨૦
રામનામ તત્ત્વસાર જગતમેં.................... ૨૦
કાહે ન મંગલ ગાયે.................... ૨૧
જો ને વિચારી તું જીવડા.................... ૨૧
આરતી.................... ૨૨
શ્રી પદ્મનાભ પરિબ્રહ્મ.................... ૨૨
ભૂલ્યો મન ભમરા.................... ૨૩
જે કુલમેં કોઈ ભકત ન કહાવે.................... ૨૪
ભજો મન રે પંખીડા.................... ૨૪
સુખ દુઃખ મનમાં ન આણીએ.................... ૨૫
વૈષ્ણવજન તો તેને રે કહીએ.................... ૨૫
ભકિત કરતાં છૂટે મારા પ્રાણ.................... ૨૬
એ મારગડા જુદા કબીરકા.................... ૨૭
ગુરુ બિના કૌન બતાવે વાટ.................... ૨૭
જે ઘેર કથા નહિ, હરિ કીર્તન.................... ૨૮
બંગલા અજબ બનાયા રે.................... ૨૮
જયાં લગી આત્મા અંગમાં છે, ત્યાં.................... ૨૯
હે પ્રભુ ! હે પ્રભુ ! શું કહું.................... ૨૯
અમૂલ્ય તત્ત્વ વિચાર.................... ૩૧
કૈવલ્યબીજ શું ?.................... ૩૨
કયા ભરોસા હૈ ઈસ જિંદગી કા.................... ૩૩
ઓ ઈશ્વર ભજીએ તને.................... ૩૪

સ્થિતપ્રજ્ઞનાં લક્ષણો........................................ ૩૫
રામકો નિત કીજે સુમરણ........................................ ૩૭
ગોવિંદ નામ ધર્યો........................................ ૩૭
મંદિર દેખ ડરે રે સુદામાજી તો........................................ ૩૭
આરતી આનંદ મંગલ........................................ ૩૮
હે નાથ જોડી હાથ........................................ ૩૮
પ્રભુ દ્વાર તમારા ખોલો રે........................................ ૩૯
સત્યનામ સદ્‌ગુરુ........................................ ૪૦
ધૂન........................................ ૪૧
શ્રી રામ જય રામ જય જય રામ........................................ ૪૧
રઘુપતિ રાઘવ રાજારામ........................................ ૪૨
શ્રીરામ ધૂન પ્રાર્થના........................................ ૪૨
અચ્યુતમ્ કેશવમ્........................................ ૪૩
અમને અંત સમયે ઉગારી........................................ ૪૩
આ તો તારું ભાડાનું મકાન, હંસલા........................................ ૪૪
તારી એક એક પળ જાય........................................ ૪૫
આટલો સંદેશો મારા........................................ ૪૫
પીંજર જૂનું લાગ્યું........................................ ૪૬
તમે ભાવે ભજી લ્યો ભગવાન........................................ ૪૭
તેરે દ્વાર ખડા ભગવાન........................................ ૪૮
મંગળ મંદિર ખોલો........................................ ૪૮
શંભુ ! ચરણે પડી માંગું........................................ ૪૯
તું તો રામ સુમર........................................ ૪૯
સુણાવો ગીતા સાર........................................ ૫૦
શ્રી રામચંદ્ર કૃપાલુ ભજમન........................................ ૫૦
પ્રભો અંતરયામી........................................ ૫૧
સંત પરમ હિતકારી........................................ ૫૧
હનુમાન ચાલીસા........................................ ૫૨
જય આદ્યાશકિત........................................ ૫૪
મારી નાડ તમારે હાથે........................................ ૫૬
હું તારી બોલાવું છે, પ્રભુ........................................ ૫૬
માયાની જાળમાં........................................ ૫૭

ઈસ તન ધનકી........................................ ૫૭
હંસલો ચાલ્યો જવાનો એકલો........................................ ૫૮
જીવડા જપી લે જુગદાધાર........................................ ૫૯
આ તો પંખીડાનો મેળો........................................ ૫૯
પ્રાણિયા ! ભજી લેને કિરતાર........................................ ૬૦
જેના મુખમાં રામનું નામ નથી........................................ ૬૦
હરિને ભજતાં........................................ ૬૧
મળવા આવોને સુંદીરવર શામળિયા........................................ ૬૧
મારો સાથીડો રીસાણો........................................ ૬૨
સંતો હમે રે વે'વારિયા........................................ ૬૨
રાધા કૃષ્ણ વિના બીજું બોલમા........................................ ૬૩
હીરો ખોવાયો મારો વગડામાં........................................ ૬૩
આજ વૃંદાવન આનંદ સાગર........................................ ૬૪
સમાગમ શું કરું રે........................................ ૬૪
મારી શેરીએ આવો........................................ ૬૫
દેખી દેખી શ્રી રામજી કો રૂપ........................................ ૬૬
પાપ કિનારે છો તમે........................................ ૬૬
આપણું ધાર્યું કાંઈ નવ થાય........................................ ૬૭
મારે આજ રે આનંદનો દિન છે........................................ ૬૭
અમે કાનુડો કહેશું ?........................................ ૬૮
કોઈ કોઈનું નથી રે........................................ ૬૮
ભિખારી આંગણે આવ્યો........................................ ૬૯
રામ રટણ નવ કીધું રે........................................ ૭૦
રામ રસ ઐસા હૈ........................................ ૭૧
મને કાનજી જોયાના કોડ........................................ ૭૧
તું રંગાઈ જાને રંગમાં........................................ ૭૨
લેતા હરિનું નામ........................................ ૭૪
મન તું શંકર ભજી લે........................................ ૭૫
શામળા સુકાની થઈને સંભાળ........................................ ૭૫
મેં તો કારેલામાં કૃષ્ણ જોયા રે........................................ ૭૬
ભાડૂતી બંગલો........................................ ૭૭
કોઈ નથી કોઈ તારું જીવડાં........................................ ૭૭

કીડી બાઈની જાન.................................................... ૭૮
ગોકુલમાં એક નંદજીનું ધામ-૧.................................... ૭૮
ગોકુલમાં એક નંદજીનું ધામ-૨.................................... ૭૯
ગંગા જમનાના નીર મંગાવો........................................ ૮૦
રાધાજી ઘણું હરખ્યાં મન............................................ ૮૦
પાલવડો મારો મેલો મોહનજી...................................... ૮૧
નંદ ઘેર આનંદ થાય ગોકુલમાં.................................... ૮૨
ૐ ધન્ય એકાદશી ૐ................................................ ૮૩
ગાફેલ મત રહેના બેટા............................................... ૮૪
મૂરખો રળી રળી કમાણો રે........................................ ૮૫
જે ગમે જગતગુરુ દેવ જગદીશને................................ ૮૫
રાત રહે જાહરે........................................................ ૮૬
સમરને શ્રી હરિ........................................................ ૮૬
જાગીને જોઉં તો........................................................ ૮૭
જળ કમળ છાંડી જાને બાળા....................................... ૮૭
ગિરિ તળેટીને કુંડ દામોદર.......................................... ૮૮
અખિલ બ્રહ્માંડમાં એક તું............................................ ૮૯
ધ્યાન ધર હરિ તણું................................................... ૮૯
થાળનાં પદો............................................................ ૯૦
થાળ પછીની સાખી.................................................... ૯૧
તુલસીદાસની સાખી.................................................. ૯૨
કબીરની સાખી......................................................... ૯૨
મોરી લાગી લટક ગુરુ ચરનનકી.................................. ૯૪
ઝીની ઝીની ઝીની ચદરિયા......................................... ૯૪

※

સતસંગકી આધી ઘડી, આધીસે પુન આધ ।
કબીર સંગત સાધકી, કટે કોટિ અપરાધ ।।

※

॥ શ્રી રામકબીર સત્ય છે ॥



# સદ્‌ગુરુ કબીરસાહેબ

નિસિ દિન સત સંગતમેં રાચૈ, સબદમેં સુરત સમાવૈ ।
કહૈ કબીર તા કો ભય નાહીં, નિર્ભય પદ પરસાવૈ ॥

# પિતૃદેવો ભવ



સ્વ. લખાભાઈ દુર્લભભાઈ ભકત (દેલાડ)
દેહવિલય : તા. ૨૭-૭-૧૯૯૭

સબ ધરતી કાગજ કરું, કલમ કરું સબ વનરાય ।
સાત સમુંદરકી મસિ કરું, ગુરુ ગુન લીખા ન જાય. ॥

# માતૃદેવો ભવ



સ્વ. લાડુબહેન (માધવભાઈ) ભકત (ધામણ)
દેહવિલય : તા. ૩-૮-૧૯૪૩
સંવત ૧૯૯૯, ભાદરવા સુદ - ૨ ને બુધવાર

**જનનીની જોડ સખી નહિં જડે રે લોલ**
**મીઠા મધુને મીઠા મેહુલા રે લોલ,**
**એથી મીઠી તે મોરી માત રે ........ જનનીની ૦**

# અગણિત વંદન હો અમારા ..... માતપિતાને

આપની સ્વભાવગત શાંત પ્રકૃતિ, ધાર્મિક વૃત્તિ, સહકારી ભાવના, સહિષ્ણુતા, બિન લડાયક, બિન વ્યપારિક અને બિન દગાખોરીના ગુણો કેમ ભુલાય ! સંયુકત કુટુંબભાવના, બાળકોની કેળવણીનું સતત ધ્યાન, કુટુંબ પ્રેમ, જાત મહેનત, સાદુ અને દીર્ઘ વિધુર જીવન અમને સતત જીવન સંદેશ આપતું રહ્યું. દેલાડ ગામના બિન હરીફ સરપંચ પદે રહી આપે ગામની જે નિઃસ્વાર્થ સેવા આપી તે ચિરસ્મરણીય છે.

આપના શેષ જીવનમાં વર્ષો સુધી આપના નિત્ય ક્રમે આરતી, પ્રાર્થના, રામનામની માળા, કંઠસ્થ ભજનો કરતાં આપને અમોએ નિહાળ્યા છે. .....

કબીરવડ અને કબીરમંદિર પ્રત્યે આપની અડગ શ્રદ્ધા અને પ્રેમ અમને સતત પ્રેરણા આપતાં રહેશે. આપને શ્રદ્ધાંજલિ સ્વરૂપે આપનાં પ્રિય ભજનોનો સંગ્રહ પ્રકાશિત કરી, ઋણમુકત થવાનો નમ્ર પ્રયાસ કર્યો છે.

## આપના ગુણાનુરાગી પરિવારજનો

ગોરધનભાઇ દુર્લભભાઇ ભકત (દેલાડ)
સ્વ. તાપીબહેન ગોરધનભાઇ ભકત
જમનાબહેન લખાભાઇ ભકત
મોહનભાઇ મકનજી ભકત (દેરોદ)
લલ્લુભાઇ લખાભાઇ ભકત
કમળાબહેન લલ્લુભાઇ ભકત
રમણભાઇ લખાભાઇ ભકત
ધનીબહેન રમણભાઇ ભકત
જયંતીભાઇ રમણભાઇ ભકત
કોકીલાબહેન જયંતીભાઇ ભકત
ચિ. પૂનમબહેન જયંતીભાઇ ભકત
ચિ. હિરેનભાઇ જયંતીભાઇ ભકત
પદ્માબહેન પ્રફુલદાસ મગનભાઇ ભકત (દેલાડ)
ચિ. જનક, ચિ. કૃણાલ,
ચિ. મોહિનીબહેન પ્રફુલભાઇ (પડધા)
અનિલભાઇ રમણભાઇ ભકત
મીનાબહેન અનિલભાઇ ભકત
ચિ. આયેનાબહેન અનિલભાઇ ભકત
કિરણભાઇ રમણભાઇ ભકત
સંગીતાબહેન કિરણભાઇ ભકત
ચિ. કિશનકુમાર કિરણભાઇ ભકત

# સ્તુતિ

### ગણપતિનું ધ્યાન

વિઘ્નેશ્વરાય વરદાય સુર પ્રિયાય,
લંબોદરાય સકલાય જગદવીતાય,
નાગાનનાય શ્રુતિયજ્ઞ વિભૂષિતાય,
ગૌરીસુતાય ગણનાથ નમો નમસ્તે.

### વિષ્ણુભગવાનનું ધ્યાન

શાન્તાકારં ભુજગ શયનં, પદ્મનાભં સુરેશમ્
વિશ્વાધારં ગગનસદશં મેઘવર્ણ શુભાંગમ્
લક્ષ્મીકાન્તં કમલનયનં યોગીભિર્ધ્યાનગમ્યમ્
વન્દે વિષ્ણુ ભવભયહરં સર્વ લોકેકનાથમ્ ॥

### મહાદેવનું ધ્યાન

વન્દે દેવ ઉમાપતિ સુરગુરુ, વંદે જગત્કારણમ્
વન્દે પન્નગભૂષણં મૃગધરં, વન્દે પશુનાં પતિમ્
વન્દે સૂર્યશશાંકવહ્નિનયનં, વન્દે મુકુંદ પ્રિયમ્
વન્દે ભકતજનાશ્રયં ચ વરદં, વન્દે શિવશંકરમ્

### સરસ્વતી સ્તવન

યા કુન્દેન્દુતુષાર-હાર-ધવલા યા શુભ્રવસ્ત્રાવૃતા
યા વીણા-વરદણ્ડ-મણ્ડિત-કરા યા શ્વેતપજાસના
યા બ્રંાડચ્યુત-શંકર-પ્રભુતિર્ભિર્દેવૈ: સદા વન્દિતા
સા માં પાતુ સરસ્વતી ભગવતી નિઃશેષ જાડયા પહા ॥

### ગુરુનું ધ્યાન

ગુરુબ્રહ્મા ગુરુવિષ્ણુ ગુરુર્દેવો મહેશ્વર
ગુરુર્સાક્ષાત્ પરબ્રહ્મ, તસ્મૈ શ્રી ગુરુવે નમઃ

ૐ ભૂર્ભૂવઃ  સ્વઃ  તત્સવિતુર્વરેણ્યં
ભર્ગો દેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોધ્યાત.

પરમેશ્વર સૌને પ્રાણ આપનાર છે. તે સૌનું દુઃખ દૂર કરનાર અને સૌને સુખ આપનાર છે. એવા જગતને ઉત્પન્ન કરનાર પ્રભુ પરમાત્મા દેવના સર્વશ્રેષ્ઠ તેજનું અમે ધ્યાન ધરીએ છીએઃ હે પ્રભુ, અમારી બુદ્ધિને સન્માર્ગે દોરો.

ૐ તત્સત્ ૐ શાન્તિ

## પ્રભુ પ્રાર્થના

ૐ સહનાવવતુ । સહ નૌ ભુનક્તુ । સહ વીર્યં
કરવાવહે । તેજસ્વિનાવધીતમસ્તુ ।
મા વિદ્વિષાવહૈ । ૐ શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ ૧

## કૃષ્ણ ભગવાનનું ધ્યાન

વસુદેવ સુતં દેવં કંસ ચાણુર મર્દનમ્
દેવકી પરમાનંદં કૃષ્ણં વન્દે જગતગુરુમ્ ॥

આકાશાત્પતિતં તોયં યથા ગચ્છતિ સાગરમ્
સર્વ દેવ નમસ્કારઃ કેશવં પ્રતિ ગચ્છતિ  ૫

ત્વમેવ માતા ચ પિતા ત્વમેવ
ત્વમેવ બંધુશ્ચ સખા ત્વમેવ ।
ત્વમેવ વિદ્યા દ્રવિણં ત્વમેવ ।
ત્વમેવ સર્વ મમ દેવ દેવ ॥

## કરદર્શન

કરાગ્રે વસતે લક્ષ્મીઃ કરમૂલે સરસ્વતીઃ ।
કરમધ્યે તુ ગોવિંદઃ પ્રભાતે કરદર્શનમ્ ॥

શાંતિ પાઠ

સર્વે વૈ સુખિનઃ સન્તુ સર્વે સન્તુ નિરામયાઃ
સર્વે ભદ્રાણિ પશ્યન્તુ મા કશ્ચિદ્ દુઃખભાગ્ભવેત ॥
ૐ શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ

# પહેલાં સમરીએ ગણપતિ દેવને

પહેલાં સમરીએ રે...ગણપતિ દેવને
હાં રે વ્હાલો વિઘ્નને હરનારો સમરીએ રે ગણપતિ દેવને
સર્વે શુભ કાર્યએ પ્રથમ પુજાય છે
શેષને મહેશ ગુણ ગણેશના ગાય છે
હાં રે પાર્વતીનો રખવાળો.......સમરીએ રે.
રિદ્ધિ-સિદ્ધિનો એ સ્વામી ગણાય છે
કાર્તિકેય સ્વામી ને બહેન ઓખાનો ભાઈ છે
હાં રે કાર્યો સફળ કરનારો......સમરીએ રે.
અધિપતિને ઊંચે આસન પધરાવીએ
મન ગમતા મોદક ને મેવા ધરાવીએ
હાં રે આરોગશે શિવનો દુલારો...સમરીએ રે.
એ રે સૂંઢાળામાં સદ્ગુણ અમાપ છે
લક્ષ ને લાભ બેઉ બેટાનો બાપ છે
હાં રે રણછોડ બુદ્ધિ દેનારા......સમરીએ રે.

**સુખમેં સુમિરન ના કિયા, દુઃખમેં કીયા યાદ;**
**કહે કબીર તા દાસકી, કૌન સૂને ફરિયાદ.**

## બહુત ભલો હૈ ભાઈ,

બહુત ભલો હૈ ભાઈ, અવસર બહુત ભલો હૈ,
મનષા દેહ દેવતાકો દુર્લભ, સો દે હી તેં પાઈ...ટેક
તજ પાખંડ અવિદ્યા પ્રપંચ, છોડ ગુમાન બડાઈ,
માત તાત સ્વાર્થ કે લોભી, માયા જાળ બંધાઈ...૧
જબ લગ જરા નિકટ નહીં તેરે, લે ગુરુ જ્ઞાન બડાઈ,
સંત સંગત મિલી ભજો ભગવંત, સો હી સકલ સુખદાઈ...૨
કહું પોકાર ચેત નર અંધે આ તન એળે ગુમાઈ,
કહે કબીર દેહી કાચકો કુંપો, બિનસત બેર ન લાઈ...૩

❋

## શ્રી ગુરુને પાયે લાગું

શ્રી ગુરુને પાયે લાગું, પહેલા વ્હેલા શ્રી ગુરુને પાયે લાગું,
કૃપા કરો તો કૃષ્ણ સેવા કરું, બીજું હું કંઈ ન માગું...ટેક
દીયો ઉપદેશ સદા સુખકારી, જો મન નિર્મલ થાય,
ત્રિવિધ તાપ મત્સર મોહ મમતા, વિકાર સઘળો જાય...૧
ગુરુ દર્શનનો મહિમા મોટો, જાણે સંત સુજાણ,
ભાવ ધરી ગુરુ સેવા કરશે, પામે પદ નિર્વાણ...૨
વેદ, પુરાણ, ભાગવત બોલે, જેને હોયે ગુરુજીનો દ્રઢ વિશ્વાસ,
શ્રી ગુરુ નારાયણ તેને મળશે, કહે જન વૈષ્ણવદાસ...૩

❋

## રામનામ તત્ત્વ સાર જગતમેં

રામનામ તત્ત્વ સાર જગતમેં, ભજી લો વારંવાર;
બેર બેર તો શીખ દેત હું, સમજ્યો ક્યોં ન ગમાર...ટેક
લોભ લહેરકી નદી ચલત હૈ, લક્ષ ચોર્યાશી ધારા;
હલકે હલકે પાર ઉતર ગયે, પાપી સહે શિરભારા...૧
સુખ સંપત્તિ અરુ દોલત જયાદા, ઈનમેં કહાં તુમ્હારા;
કહે કબીર સુનો ભાઈ સાધુ, હરિ ભજી ઉતારો પાર...૨

## કાહે ન મંગલ ગાયે જશોદા મૈયા

કાહે ન મંગલ ગાયે જશોદા મૈયા ન મંગલ ગાયે,
પુરણ બ્રહ્મ અખંડ અવિનાશી, સો તેરી ધેનૂ ચરાવે...ટેક
કોટિ કોટિ બ્રહ્માડના કર્તા, જપ તપ ધ્યાન ન આવે,
ના જાણું એ કોન પુન્યસે, તાકો ગોદ ખિલાવે...૧
બ્રહ્માદિક ઈન્દ્રાદિક શંકર, નિગમ નેતિ કરી ગાવે,
શેષ સહસ્ર મુખે જપે નિરંતર સો તાકો પાર ન પાવે...૨
સુંદર વદન કમલ દલ લોચન, ગૌધૈનુ કે સંગ આવે,
આરતી કરત જશોદા મૈયા, કબીરજી દર્શન પાવે...૩

## જો ને વિચારી તું જીવડાં

જો ને વિચારી તું જીવડાં શા સુખમેં મોહી રહ્યો જી...ટેક
આવ્યો ત્યારે તું એકલો, જાતાં એકલો જાવુ જી,
વચમેં સંબંધ શા કામના, માયાજાળમેં બંધાયો જી......૧
મારું મારું શું કરી રહ્યો, નહીં મળે તારું તનજી,
જુઠા રે પુત્ર ને પ્રેમદા, જુઠો ભવનો ભંડારજી.........૨
ધન રે મળ્યાનો ધર્મ એજ છે, જે કાંઈ હાથે વપરાયજી,
અંત સમે સહુ મેલી જાશે, પલમાં થાશે પરાયોજી......૩
જમ રે જોરાવર લઈ જશે, મેલશે ચોર્યાશીમાં ઠેલીજી,
દારુણ દુઃખ જનમ મરણનું, ત્યાં કોણ તારો બેલીજી....૪
સાચું સગપણ હરીગુરુ સંતનું, જીવને જાલમેંથી કોઢેજી,
સુખ રે આપીને દુઃખ દૂર કરે, પરિબ્રહ્મને ભેટાવેજી....૫
માની શકે તો માનજે, લેવો મનષાનો લ્હાવોજી,
દાસ કબીર સાચું કહે, ફરી નહીં મળે આવો દાવજી...૬

## આરતી

આરતી હો, દેવ શિરોમણિ તેરી, અવિગત વિગત જુગત નહીં જાણું;
કયાં પહોંચ બુધ મેરી, આરતી હો દેવ શિરોમણિ તેરી...ટેક
નિરાકાર નિર્લેપ નિરંજન, ગુણ અતીત તુમ દેવા;
જ્ઞાન ધ્યાન સે રહે ન્યારા, કિસબિધ કીજે સેવા આરતી...૧
નિગમ નેતિ બ્રહ્માદિક ખોજે, શેષ પાર નહીં પાવે,
શંકર ધ્યાન વરે નીશીબાસર, સોભી અગમ બતાવે આરતી...૨
સબ ગાયે અનુમાન આપણે, તમ ગતિ લખીએ ન જાયે,
કહે કબીર કૃપા કરી જન પર, જયોં હૈ ત્યોં સમજાયે આરતી...૩

※

## શ્રી પદ્મનાભ પરિબ્રહ્મ

શ્રી પદ્મનાભ પરિબ્રહ્મ પુરુષોત્તમ પેઢે નહિ રે,
હરિ અવિગત ગોવિંદ સંતજી રે સહાય કરો શ્રીપતિ ધણી રે,
હરિ ચત્રુભુજ શ્યામલ વર્ણ, સારંગધર સોહામણો રે,
હરિ રૂંવડેલો વૈકુંઠ નાથજી રે, દુકીત હરણ દામોદર રે,
હરિ નિરંજન નિરાકાર, નિષ્કલંક પુરુષે અરાધીયે રે,
ધન ગાયે દ્વારીકા નાથજી રે, શ્યામલ સેહામણો રે,
હરિ સેવ્યો સમર્થ સાર, પાર એનો કોઈ નવ લહે રે,
હરિ સોહે છે અવિનાશ વ્હાલો, વાસ આપે વૈકુંઠ ધણી રે,
હરિ માધવ મુકુંદ મોરાર, મહાદેવ સોહામણો
હરિ ભકિત મુકિત દાતાર લ્યો રે, નારાયણ છે નિર્મલો
સદા સારંગધર શું વિચાર, પાર લૈ કનૈયો આત્મા
આવી વેગે મળ્યો વિશ્વાસ, તારોની ત્રિભોવન ટળવળે
જીવ તો મોહ્યા છે કુલમાં, કલિકાલે જીવ જંપીઓ
હરિ વિના ન લહે શ્વાસ, શ્વાસ સદા સારંગધર
સદા વૈષ્ણવ મન રહે ઉલ્લાસ, આનંદ અંગે ઉલટયો
ભલે આવ્યા પરિબ્રહ્મ રાય, વ્હાલો વૈષ્ણવજન માંહી પરવર્યો

હરિનો વર્ત્યો જય જયકાર, સાર બોલોની હવે સાચા ધણીની
હરિનો આવ્યો જયારે મન વિશ્વાસ, ત્યારે પાસ છૂટયા ચાર ખાણના
હરિ ઘેર ઘેર વૈકુંઠ વાસ, દાસ તુમ્હારો વિનવે
ભલે આવ્યા પરિબ્રહ્મરાય, સમર્થ ધણી સંતે સેવ્યો.

## દોહરો

આદિ અનાદિ એક તું, સ્થાવર જંગમ તારું નામ.
તું અમર ને તારું નામ, સકલ વૈષ્ણવને પ્રણામ.

## ભૂલ્યો મન ભમરા

ભૂલ્યો મન ભમરા! તું કયાં ભમ્યો દિવસ ને રાતજી,
માયાનો બાંધ્યો પ્રાણિયો, સમજયો નહિ સુધિ વાતજી...ટેક
કુંભ કાચો ને કાયા જાવરું, જોઈને કરો રે જતનજી,
વણસતાં વાર લાગે નહીં, રાખો રૂડું રતનજી...૧
કોનાં છોરું, કોનાં વાછરું, કોનાં મા ને બાપજી,
અંતકાળે જાવું એકલું, સાથે પુણ્ય ને પાપજી...૨
જે ઘેર નોબત બાજતી, રૂડા છત્રીસ રાગજી,
ખંડેર થઈને ખાલી પડયાં, કાળા ઊડે રે કાગજી...૩
જીવન આશા ડુંગર જેવડી, મરણ પગલાંને હેઠજી,
મોટા મોટા ચાલી ગયા ને લાખો લખપતિ શેઠજી...૪
ઊલટી નદી પૂર ઊમટી, જાવું પેલે પારજી,
આગળ નીર મળે નહિ રે, જે જોઈએ તે લેજો સાથજી...૫
સત્કર્મ સદ્વસ્તુ ઓરજો, ઈશ્વર સ્મરણને સાથજી,
કબીર જુહારીને નીસર્યા, લેખું સાહેબને હાથજી...૬

દુઃખમેં સુમિરન સબ કરૈ, સુખમેં કરૈ ન કોય;
જો સુખમેં સુમિરન કરૈ, દુઃખ કાહે કો હોય.

# જે કુલમેં કોઈ ભકત ન કહાવે

પદ (રાગ-જંજીઠો)

જે કુલમેં કોઈ ભકત ન કહાવે કુલકો કહાઁ લેજાવે;
ગર્ભસહિત એની માતા કયોં ન મર ગઈ, ઐસા બેટા ન આવે...ટેક
જોરુ લડકા સબે મિલિને માયામેં લપટાયે;
પાણી વલોવતાં માખણ નહિ આવે, તત્ત્વ કહાઁસે પાયે...૧
બાહર ઉજળા ભીતર મેલા, ઘણા જ સ્વાદે ગાવે;
પ્રીત વિના પાનો નહિ આવે, મળી મળી વાછંરૂ ધાવે...૨
ચિઠ્ઠી પત્રી બહુત ચલાવે, કોડિ ધજજ કહાવે;
જો દીપકમેં જલે પતંગા, ઐસે આપ જલાવે...૩
સંત સંગતમેં પલ નહિ આવે, જમકા હોર્યા જાવે;
કહે કબીર સુનો ભાઈ સાધુ ફીર ચોર્યાસી પાવે...૪

# ભજો મન રે પંખીડા,

ભજો મન રે પંખીડા, મત પડ પાંજરે, સંસાર માયાજાળ છે;
એક દિવસમાં ત્રણ જ ફેરા, સદાય જંપે કાળ રે;
અણચેત્યો તને લઈ જશે, પછી કોણ છોડાવન હાર રે...ભજો...ટેક
અન્ય દેવકી પૂજા કીધી, નહિ ઓળખ્યા આતમરામ રે;
ભૂતની પેરે ભમતો ફરે છે, એનો એળે ગયો અવતાર રે....૧
જયારે સરોવર ભર્યા હતા, ત્યારે પ્રથમ ન બાંધી પાળ રે;
નીર સઘળું જયારે વહી ગયાં, પછી હાથ ઘસે શું થાય રે...૨
માતા તારી સદા રૂવે, બેની રૂવે દસ માસ રે;
સ્ત્રી રૂવે તેર દહાડા, ઔર ઢૂંઢે ઘરવાસ રે...૩
શેરી લગી સર્વે સુંદરી, ઝાંપા લગી મા બાપ રે;
તીર્થ લગી સગાં બંધુઓ, હંસા તું એકલો જાય રે...૪
હાડ બળે જેમ લાકડું રે, કેશ બળે જેમ ઘાસ રે;
કંચન સરખી તારી કાયા બળે, કાંઈ ન આવે તારી સાથ રે...૫

મારું મારું પ્રાણી મિથ્યા કરે, જૂઠો આ જગત વહેવાર રે;
દાસ રણછોડ પ્રભુ હરિને ભજી લો, પલમેં ઉતારે ભવપાર રે...૬

## સુખ દુઃખ મનમાં ન આણીએ

સુખ દુઃખ મનમાં ન આણીએ, ઘટ સાથે રે ઘડિયાં,
ટાળ્યાં તે કોઈનાં નવ ટળે, રઘુનાથનાં જડિયાં...સુખ
નળ રાજા સરખો નર નહિ, જેને દમયંતી રાણી,
અડધે વસ્ત્રે વનવન ભમ્યાં, ન મળ્યાં અન્ન કે પાણી...સુખ
પાંચ પાંડવ સરખા બંધવા, જેને દ્રોપદીરાણી,
બાર વરસ વન ભોગવ્યાં, નયણે નિંદ્રા ન આણી...સુખ
સીતા સરખી સતી નહીં, જેને રામજી સ્વામી,
રાવણ તેને હરી ગયો, સતી મહાદુઃખ પામી...સુખ
રાવણ સરખો રાજિયો, જેની મંદોરદરી રાણી,
દસ મસ્તક છેદાય ગયા, બધી લંકા લૂટાણી...સુખ
હરિશ્ચંદ્ર રાજા સત વાદિયો, જેની તારામતી રાણી
તેને વિપત્તિ બહુ રે પડી, ભર્યાં નીચ ઘેર પાણી...સુખ
એ વિચારી હરિને ભજો, તે સહાય જ કરશે,
જુઓ આગે સહાય ઘણી કરી, તેથી અર્થ જ સરશે...સુખ
સર્વ કોઈને જયારે ભીડ પડી, સમર્યા અંતર્યામી,
ભાવટ ભાંગી ભૂધરે, મહેતા નરસૈંયાના સ્વામી...સુખ

## વૈષ્ણવ જન તો તેને કહીએ

વેષ્ણવ જન તો તેને કહીએ, જે પીડ પરાઈ જાણે રે;
પરદુઃખે ઉપકાર કરે તોયે, મન અભિમાન ન આણે...ટેક
સકળ લોકમાં સહુને વંદે નિંદા ન કરે કેની રે;
વાચ કાછ મન નિશ્ચલ રાખે, ધન ધન જનની તેની રે...૧

સમદષ્ટિ ને તૃષ્ણા ત્યાગી, પર સ્ત્રી જેને માત રે;
જિહ્વા થકી અસત્ય ન બોલે પરધન નવ ઝાલે હાથ રે...૨
મોહ માયા વ્યાપે નહિ જેને, દૃઢ વૈરાગ્ય જેના મનમાં રે;
રામ નામ શું તાળી લાગી, સકળ તીર્થ તેના તનમાં રે...૩
વણલોભી ને કપટરહિત છે, કામ ક્રોધ નિવાર્યા રે;
ભણે નરસૈંયો તેનું દર્શન કરતાં, કુલ ઈકોતેર તર્યા રે...૪

❊

## ભક્તિ કરતાં છૂટે મારા પ્રાણ

ભકિત કરતાં છૂટે મારો પ્રાણ પ્રભુ એવું માગું રે,
રહે જનમો જન્મા તારો સાથ પ્રભુ એવું માગું રે,
તારું મુખડું મનોહર જોયા કરું
રાત દિવસ ભજન તારું બોલ્યા કરું
રહે અંત સમય તારું ધ્યાન........પ્રભુ.
મારી આશા નિરાશ કરશો નહિ
મારા અવગુણ હૈયામાં ધરશો નહિ
શ્વાસે શ્વાસે રટું તારું નામ........પ્રભુ.
મારા પાપ ને તાપ સમાવી દેજો
તારા બાળને દાસ બનાવી લેજો
દેજો આવીને દર્શન દાન........પ્રભુ

❊

સિર રાખે સિર જાત હૈ, સિર કાટે સિર સોય,
જૈસે બાતી દીપકી, કરી ઉજિયારા હોય.

## યે મારગડા જુદા કબીરકા

(રાગ-ધૂમાલી)

યે મારગડા જુદા કબીરકા યે મારગડા જુદા
ઈંટ પડાવે, મસ્જિદ ચણાવે, અનેક પીર જ હુઆ;
યે પીરકા કોઈ ભેદ ન જાણે, નમાજ પઢી પઢી મુઆ,
કબીરકા .....યે.
પથ્થર મંગાવે, મૂર્તિ ટંકાવે, અનેક દેવ જ હુઆ;
યે દેવકા કોઈ ભેદ ન જાણે,
ભૂવા ધૂણી ધૂણી મુઆ, કબીરકા ......યે.
કાવડ બંધાવેને યાત્રા કરાવે; અનેક તીરથી હુઆ;
એ તીરથકા કોઈ ભેદ ન જાણે,
ને સ્નાન કરી કરી મુઆ, કબીરકા .....યે.
વાડી બંધાવે કથા કહાવે, અનેક ભજન હુઆ;
યે ભજનકા કોઈ ભેદ ન જાણે,
કાંસા ઘસી ઘસી મુઆ, કબીરકા .......યે.
કહાત કબીરા સુનો ભાઈ સાધો, મનુષ્ય અવતાર હુઆ;
ભવ સાગરકી ભૂલ ભૂલૈયાં,
લખ ચોરાશી હુઆ, કબીરકા....યે.

❋

## ગુરુ બિના કૌન બતાવે વાટ ?

ગુરુ બિના કૌન બતાવે વાટ? બડા વિકટ યમઘાટ.....ટેક
ભ્રાંતિકી પહાડી નદિયા બીચમેં, અહંકાર કી લાટ.....૧
કામ ક્રોધ દો પર્વત ઠાઢે, લોભ ચોર સંઘાત.....૨
મદ મસ્તરકા મેહ બરસત, માયા પવન બહેડાટ.....૩
કહત કબીર સુનો ભાઈ સાધો, કયાં તરના યહ ઘાટ.....૪

❋

## જે ઘેર કથા નહિ, હરિ કીર્તન

જે ઘેર કથા નહિ, હરિ કીર્તન, સંત નહિ મીજમાના;
તે ઘેર જમરા ડેરા દિને, સાંજ પડે સ્મશાના...ટેક
મારું મારું કરતાં મૂરખ મર જાઈગો, મિટે ન માન ગુમાના;
હરિ ગુરુ સંતની સેવા ન કીધી, કિસબિધ હોયે કલ્યાણ...૧
ફાલ્યો ફૂલ્યો ફિરત હૈ, કહાઁ દેખડાવે અંગ;
એક પલક મેં ફંદ હો જાયેગા, જૈસા રંગ પતંગા...૨
નાભી કમલ બીચ દાવ ચલત હૈ; દ્વાદશ નેન ઠરાનાં;
અર્ઘ તખ્ત પર નૂરત નિસાના; સો સત્‌ગુરુકા સ્થાના...૩
જ્ઞાન ગરીબી પ્રેમ બંદગી, સત્ નામ નિસાના;
વ્રેહ વૈરાગ્યે ગુરુાગમ જાગે, તે ઘેર કોટિ કલ્યાણ...૪
કાલ દાવમેં લઈ રહ્યો રે, કહાઁ બુઢ્ઢો કહાઁ જુવાન;
કહે કબીર સુનો ભાઈ સાધુ, છોડી દો અભિમાન...૫

## બંગલા અજબ બનાયા રે

બંગલા અજબ બનાયા રે, જિસમેં નારાયણ બોલે...ટેક
પાંચ તત્ત્વકા બંગલા બનાયા, તીન ગુનકા કિયા ગારા;
રોમ રોમ કી છાઁયા છાઁચી, બોલનહારા ન્યારા....૧
બીસ બંગલે કા દસ દરવાજા, બીચ પવન કા થંભા;
આવત જાવત કોઈ નવ દેખે, એહી બડા અચંબા...૨
પાંચ પચ્ચીશ શું પાતર નીચે, મનવા તાલ બજાવે;
સુરત નૂરત કા મૃદંગ બાજે, છત્રીશ રાગણી ગાવે...૩
કહેત કબીરા સુનો ભાઈ સાધુ, બંગલા ખૂબ સઁવારા;
ઈસી બંગલેમેં સાહેબ બોલે, આપહી સર્જન હારા...૪

## જયાં લગી આત્મા અંગમાં છે, ત્યાં

જયાં લગી આત્મા અંગમાં છે, ત્યાં લગી હરિ હરિ તું કહે....ટેક
હાલતાં હરિને ચાલતાં હરિ, ને બેસતાં હરિ તું કહે (૨)
સુતા પહેલાં જે સમરણ કરે ભઈ, તેની બોલ જય જય....જયાં
લીધા સરીખું નામ હરિનું, લઈ શકે તો લે (૨)
દીધા સરીખું દાન છે અન્નનું, દઈ શકે તો દે....જયાં
ઓ રે સંસારી આ સર્વે, ખોટું ને સાચી વસ્તુ છે બે (૨)
એક પુણ્ય બીજું હરિભજન ભઈ, જીવડા સમજી લે....જયાં
દુષ્ટ પદારથ સર્વે ખોટો, ને આત્મા અખંડ છે; (૨)
કીડી થકી તે કુંજર લગણ ભઈ, કાળચકકરનો ભે....જયાં
એક દિન આંગણે દીવા, વિવાહ, વળી ઢોલશરણાઈ બજશે; (૨)
કહે કબીર એવો એક દિન આવશે, સમશાનો ધગશે....જયાં

## હે પ્રભુ ! હે પ્રભુ ! શું કહું,

હે પ્રભુ ! હે પ્રભુ ! શું કહું, દીનાનાથ દયાળ;
હું તો દોષ અનંતનું, ભાજન છું કરુણાળ....૧
શુદ્ધ ભાવ મુજમાં નથી, નથી સર્વ તુજરૂપ;
નથી લઘુતા કે દીનતા, શું કહું પરમસ્વરૂપ;....૨
નથી આજ્ઞા ગુરુદેવની, અચળ કરી ઉરમાંહિ;
આપતણો વિશ્વાસ દઢ, ને પરમાદર નાહિ....૩
જોગ નથી સત્‌સંગનો, નથી સત્‌સેવા જોગ;
કેવળ અર્પણતા નથી, નથી આશ્રય અનુયોગ....૪
'હું પામર શું કરી શકું,' એવો નથી વિવેક;
ચરણ શરણ ધીરજ નથી, મરણ સુધીની છેક....૫
અચિંત્ય તુજ માહાત્મ્યનો, નથી પ્રફુલ્લિત ભાવ;
અંશ ન એકે સ્નેહનો, ન મળે પરમ પ્રભાવ....૬

અચળરૂપ આસકિત નહિ, નહીં વિરહનો તાપ;
કથા અલભ્ય તુજ પ્રેમની, નહિ તેનો પરિતાપ....૭
ભકિતમાર્ગ પ્રવેશ નહિ, નહીં ભજન દઢ ભાન;
સમજ નહીં નિજ ધર્મની, નહિ શુભ દેશે સ્થાન....૮
કાળદોષ કળિથી થયો, નહિ મર્યાદાધર્મ;
તોયે નહિ વ્યાકુળતા, જુઓ પ્રભુ મુજ કર્મ....૯
સેવાને પ્રતિકૂળ જે, તે બંધન નથી ત્યાગ;
દેહેંદ્રિય માને નહીં, કરે બાહ્ય પર રાગ....૧૦
તુજ વિયોગ સ્ફુરતો નથી, વચન નયન યમ નાંહિ;
નહિ ઉદાસ અનભકતથી, તેમ ગૃહાદિક માંહિ....૧૧
અહંભાવથી રહિત નહિ, સ્વધર્મ સંચય નાંહિ;
નથી નિવૃતિ નિર્મળપણે, અન્ય ધર્મની કાંઈ....૧૨
એમ અનંત પ્રકારથી, સાધન રહિત હુંય;
નહીં એક સદ્ગુણ પણ, મુખ બતાવું શુંય?....૧૩
કેવળ કરુણામૂર્તિ છો, દીનબંધુ દીનનાથ;
પાપી પરમ અનાથ છું, ગ્રહો પ્રભુજી હાથ....૧૪
અનંત કાળથી આથડયો, વિના ભાન ભગવાન;
સેવ્યા નહિ ગુરુ સંતને, મૂકયું નહિ અભિમાન....૧૫
સંતચરણઆશ્રમ વિના, સાધન કર્યાં અનેક;
પાર ન તેથી પામિયો ઊગ્યો ન અંશ વિવેક....૧૬
સહુ સાધન બંધન થયાં, રહ્યો ન કોઈ ઉપાય;
સત્સાધન સમજયો નહીં, ત્યાં બંધન શું જાય?....૧૭
પ્રભુ પ્રભુ લય લાગી નહીં, પડયો ન સદ્ગુરુ પાર;
દીઠા નહિ નિજ દોષ તો, તરીએ કોણ ઉપાય?....૧૮
અધમાધમ અધિકો પતિત, સકળ કરશે શું ય?....૧૯
પડી પડી તુજ પદપંકજે, ફરી ફરી માગું એ જ;
હે પ્રભુ! હે પ્રભુ! શું કહું,

# અમૂલ્ય તત્ત્વવિચાર

(હરિગીત છંદ)

બહુ પુણ્ય કેરા પુંજથી, શુભ દેહ માનવનો મળ્યો,
તોયે અરે! ભવ ચક્રનો, આંટો નહીં એકકે ટળ્યો;
સુખ પ્રાપ્ત કરતાં સુખ ટળે છે, લેશ એ લક્ષે લહો,
ક્ષણ ક્ષાણ ભયંકર ભાવસ્મરણે, કાં અહો રાચી રહો ?....૧

લક્ષ્મી અને અધિકાર વધતાં, શું વધ્યું તે તો કહો ?
શું કુટુંબ કે પરિવારથી, વધવાપણું એ નવ ગ્રહો;
વધવાપણું સંસારનું નર દેહને હારી જવો,
એનો વિચાર નહીં અહોહો! એક પળ તમને હવો !!!....૨

નિર્દોષ સુખ નિર્દોષ આનંદ, લ્યો ગમે ત્યાંથી ભલે,
એ દિવ્ય શકિતમાન જેથી, જંજીરેથી નીકળે;
પરવસ્તુમાં નહિ મૂંઝવો, એની દયા મુજને રહી,
એ ત્યાગવા સિદ્ધાંત કે પશ્ચાત્ દુઃખ તે સુખ નહીં....૩

હું કોણ છું ? કયાંથી થયો ? શું સ્વરૂપ છે મારું ખરું ?
કોના સબંધે વળગણા છે? રાખું કે એ પરહરું ?
એના વિચાર વિવેકપૂર્વક, શાંત ભાવે જો કર્યા,
તો સર્વ આત્મિક જ્ઞાનનાં સિદ્ધાંતતત્ત્વ અનુભવ્યાં....૪

તે પ્રાપ્ત કરવા વચન કોનું સત્ય કેવળ માનવું ?
નિર્દોષ નરનું કથન માનો 'તેહ' જેણે અનુભવ્યું;
રે! આત્મ તારો! આત્મા તારો! શીઘ્ર એને ઓળખો,
સર્વાત્મમાં સમદૃષ્ટિ દ્યો, આ વચનને હૃદયે લખો.....૫

❋

સુન્ન સરોવર મીન મન, નીર તીર સબ દેવ,
સુધા સિંધુ સુખ બિલ સહી, બિરલા જાને ભેદ.

# કૈવલ્યબીજ શું ?

(ત્રોટક છંદ)

યમનિયમ સંયમ આપ કિયો,
પુનિ ત્યાગ બિરાગ અથાગ લહ્યો;
વનવાસ લિયો મુખ મૌન રહ્યો,
દ્રઢ આસન પદ્મ લગાય દિયો.....૧

મનપૌન-નિરોધ સ્વબોધ કિયો,
હઠજોગ પ્રયોગ સુ તાર ભર્યો;
જપ ભેદ જપે તપ ત્યૌંહિ તપે,
ઉરસેંહિ ઉદાસી લહિ સબપેં.....૨

સબ શાસ્ત્રન કે ધારી હિયે,
મત મંડન ખંડન ભેદ લિયે;
વહ સાધન બાર અનંત કિયો,
તદપિ કછુ હાથ હજુ ન પર્યો.....૩

અબ ક્યોં ન બિચારત હૈ મનસેં,
કછુ ઔર રહાં ઉન સાધનસે?
બિન સદ્‌ગુરુ કોય ન ભેદ લહે,
મુખ આગલ હૈં કહ બાત કહે?.....૪

કરુના હમ પાવન હે તુમકી,
વહ બાત રહી સુગુરુગમકી,
પલમેં પ્રગટે મુખ આગલસેં,
જગ સદ્‌ગુરુચર્ન સુપ્રેમ બસેં.....૫

તનસેં, મનસેં, ધનસેં, સબસેં,
ગુરુદેવકી આન સ્વ-આત્મ બસેં;
તબ કારજ સિદ્ધ બને અપનો,
રસ અમૃત પાવહિ પ્રેમ ધનો.....૬

વહ સત્ય સુધા દરશાવહિંગે,
ચતુરાંગુલ હે દગસેં મિલહે;
રસ દેવ નિરંજન કો પિવહી,
ગહિ જોગ જુગોજુગ સો જીવહી.....૭

પરપ્રેમ-પ્રવાહ બઢે પ્રભુસેં,
સબ આગમભેદ સુઉર બસે;
વહ કેવલકો બીજ ગ્યાની કહે,
નિજકો અનુભૌ બતલાઈ દિયો.....૮

શ્રીમદ્ રાજચંદ્ર

❊

## કયા ભરોસા હૈ

કયા ભરોસા હૈ ઈસ જિંદગી કા
સાથ દેતી નહિ હૈ યે કીસી કા

સાઁસ રુક જાયેગી ચલતે ચલતે
શમા બૂઝ જાયેગી જલતે જલતે
દમ નિકલ જાયેગા રોશની કા.....કયા ભરોસા હૈ.

હમ રહે ના રહે મોહબ્બત રહેગી
દાસ્તાઁ અપની દુનિયા કહેગી
નામ રહ જાયેગા આદમી કા.....કયા ભરોસા હૈ.

દુનિયા હૈ હકીકત પુરાની પુરાની
ચલકે રુકના હૈ ઉસકી રવાની રવાની
ફર્જ પૂરા કરો (૨) બંદગી કા.....કયા ભરોસા હૈ.

❊

# ઓ ઈશ્વર ભજીએ તને.

ઓ ઈશ્વર ભજીએ તને મોટું છે તુજ નામ,
ગુણ તારા નિત્ય ગાઈએ, થાય અમારાં કામ.....૧
હેત લાવી હસાવતું, સદા રાખ દિલ સાફ,
ભૂલ કદી કરીએ અમે, તો પ્રભુ કરજે માફ.....૨
પ્રભુ એટલું આપજો, કુટુંબ પોષણ થાય,
ભૂખ્યાં કોઈ સૂવે નહિ, સાધુ સંત સમાય.....૩
અતિથિ ભોઠો નવ પડે, આશ્રિત ના દુભાય,
જે આવે મમ આંગણે, આશિષ દેતો જાય.....૪
સ્વભાવ એવો આપજો, સૌ ઈચ્છે મમ હિત,
શત્રુ ઈચ્છે મિત્રતા, પાડોશી ઈચ્છે પ્રીત.....૫
વિચાર વાણી વર્તને, સૌનો યાચું પ્રેમ,
સગો સ્નેહી કે શત્રુનું, ઈચ્છું કુશળક્ષેમ.....૬
જોવા આપી આંખડી, સાંભળવાને કાન,
જીભ બનાવી બોલવા, ભલું કર્યું ભગવાન.....૭
ઓ ઈશ્વર તું એક છે, સર્જ્યો તે સંસાર,
પૃથ્વી, પાણી, પર્વતો, તે કીધાં તૈયાર.....૮
તારા સારા શોભિતા, સૂરજ ને વળી સોમ,
તે તો સઘળાં તેં રચ્યા, જબરું તારું જોમ.....૯
અમને આપ્યાં જ્ઞાન ગુણ, તેનો તું દાતાર,
બોલે પાપી પ્રાણીઓ, એ તારો ઉપકાર.....૧૦
કાપ કલેશ કંકાસ ને, કાપ પાપ પરિતાપ,
કાપ કુમતિ, કરુણા કિજે, કાપ કષ્ટ, સુખ આપ.....૧૧
ઓ ઈશ્વર તમને નમું, માગું જોડી હાથ,
આપો સારા ગુણ અને સુખમાં રાખો ઠામ.....૧૨
મન વાણીને હાથથી, કરીએ સારાં કામ,
એવી બુદ્ધિ દો અને, પાળો બાળ તમામ.....૧૩
ઓ ઈશ્વર ભજીએ તને, મોટું છે તુજ નામ,
ગુણ તારા નિત ગાઈએ, થાય અમારાં કામ.....૧૪

# સ્થિતપ્રજ્ઞનાં લક્ષણો

(સાંજની પ્રાર્થના)

વંદના

જેને દિવ્ય સ્તવો વડે સ્તવી રહ્યાં, સૂર્યાગ્નિ વા વાદળાં,
જેના મંત્ર, પુરાણ, શાસ્ત્ર, ભજનો, ગાયે ઋષિ વ્યાકુળા;
યોગી ધ્યાન ધરી જ, સંયમ કરી, જેની કરે ઝંખના,
જેનો પાર ન કોઈએ લહી શકયા, તે દેવને વંદના.

અર્જુન બોલ્યાઃ

સમાધિમાં સ્થિતપ્રજ્ઞ જાણવો કેમ, કેશવ?
બોલે, રહે ફરે, કેમ, મુનિ જે સ્થિરબુદ્ધિનો?....૧

શ્રી ભગવાન બોલ્યાઃ

મનની કામના સર્વે છોડીને આત્મામાં જ જે,
રહે સંતુષ્ટ આત્માથી, તે સ્થિતપ્રજ્ઞ જાણવો....૨
દુઃખે ઉદ્વેગ ના ચિત્તે, સુખોની ઝંખના ગઈ,
ગયા રાગ-ભય-ક્રોધ, મુનિ ને સ્થિરબુદ્ધિનો....૩
આસકત નહિ જે કયાંય, મળ્યે કાંઈ શુભાશુભ,
ન કરે હર્ષ કે દ્વેષ; તેની પ્રજ્ઞા થઈ સ્થિર....૪
કાચબો જેમ અંગોને, તેમ જે વિષયો થકી,
સંકેલે ઈન્દ્રિયો પૂર્ણ, તેની પ્રજ્ઞા થઈ સ્થિર....૫
નિરાહારી શરીરીના ટળે છે વિષયો છતાં,
રસ રહી જતો તેમાં, તે ટળે પેખતાં પરં....૬
પ્રયત્નમાં રહે તો યે, શાણા યે નર ના હરે,
મનને ઈન્દ્રિયો મસ્ત, વેગથી વિષયો ભણી....૭
યોગથી તે વશે રાખી, રહેવું મત્પરાયણ,
ઈન્દ્રિયો સંયમે જેની, તેની પ્રજ્ઞા થઈ સ્થિર....૮
વિષયોનું રહ્યે ધ્યાન, તેમાં આસકિત ઊપજે,
જન્મે આસકિતથી કામ, કામથી ક્રોધ નીપજે....૯

ક્રોધથી મૂઢતા આવે, મૂઢતા સ્મૃતિને હરે,
સ્મૃતિલોપે બુદ્ધિનાશ, બુદ્ધિનાશે વિનાશ છે....૧૦

રાગ ને દ્વેષ છૂટેલી ઈન્દ્રિયે વિષયો ગ્રહે,
વશેન્દ્રિય સ્થિરાત્મા જે, તે પામે છે પ્રસન્નતા....૧૧
પામ્યે પ્રસન્નતા તેનાં દુઃખો સૌ નાશ પામતાં,

પામ્યો પ્રસન્નતા તેની બુદ્ધિ શીઘ્ર બને સ્થિર....૧૨
અયોગીને નથી બુદ્ધિ, અયોગીને ન ભાવના,
ન ભાવહીનને શાંતિ, સુખ કયાંથી અશાંતને ?...૧૩

ઈન્દ્રિયો વિષયે દોડે, તે પૂઠે જે વહે મન,
દેહીની તે હરે બુદ્ધિ, જેમ વા નાવને જળે....૧૪

તેથી જેણે બધી રીતે રક્ષેલી વિષયો થકી,
ઈન્દ્રિયો નિગ્રહે રાખી, તેની પ્રજ્ઞા થઈ સ્થિર....૧૫

નિશા જે સર્વ ભૂતોની, તેમાં જાગ્રત સંયમી,
જેમાં જાગે બધાં ભૂતો, તે જ્ઞાની મુનિની નિશા....૧૬

સદા ભરાતા અચલપ્રતિષ્ઠ,
સમુદ્રમાં નીર બધાં પ્રવેશે;

જેમાં પ્રવેશે સહુ કામ તેમ,
તે શાંતિ પામે નહિ કામકામી....૧૭

છોડીને કામના સર્વે, ફરે જે નર નિઃસ્પૃહ,
અહંતા મમતા મૂકી, તે પામે શાંતિ ભારત....૧૮

આ છે બ્રહ્મદશા એને પામ્યે ના મોહમાં પડે.
અંતકાળેય તે રાખી બ્રહ્મનિર્વાણ મેળવે....૧૯

## રામ કો નિત કીજે સુમરણ

રામ કો નિત કીજે સુમરણ રામકો નિત કીજે,
નિર્મલ નિર્મલ પ્રેમ હરીરસ સંત સંગત મલી પીજે.....૧
જુઠી રે માયા મોહ વિષય રસ, એ મન ત્યાગી દીજે,
હૃદય કમલમેં નિશદિન હરી હરી, એહી વિલંબન કીજે.....૨
તન મન ધન સબ મનષા વાચા, રામ સમર્પણ કીજે,
કહેત કબીર ઔર નહીં માગું, ચરણ કમલ દત્ત દીજે.....૩

## ગોવિંદ નામ ધર્યો

ગોવિંદ નામ ધર્યો, કીન તેરો ગોવિંદ નામ ધર્યો,
દ્રુપદ સુતાકી લજજા રાખી, ચીર કો દાન કર્યો.....૧
ચાર પદારથ દીયો હે સુદામા, તાંદુલ મુખમેં ધર્યો,
સાંદિપની કો સુત આન દીયો હે, વિદ્યા કો પાઠ પઢયો.....૨
લેને રે દેને તું હરી દાતા; મો સે કછુ ન સર્યો,
સુરકી બસ કરણ હોઈ બેઠી, જનમકો અંધ કર્યો.....૩

## મંદિર દેખ ડરે રે સુદામાજી તો

મંદિર દેખ ડરે રે સુદામાજી તો મંદિર દેખ ડરે,
કહાં જો ગઈ મોરી તૃણકી ઝોંપડીયાં, તાદોર મહેલ ખડે.....૧
પહલે રે પહોર હસ્તી ઝુલે, દુજે તોરિંગ ખડે,
ત્રીજે રે પહોરે વસ્ત્ર જ ભારી, ચોથે રત્નજડીત.....૨
જા ઘેર તાલ પખાવજ વાગે, તા ઘેર નોબત વાગે,
જા ઘેર રાગ છત્રીસે આલાપે, તા ઘેર અભર ભરે.....૩
ઈત ઉત જાત ફિરત હે, સુદામા મનમેં સોચ કરે,
ધામ દેખી મન ચકિત ભયો હે, ડરી ડરી ડગલાં ભરે.....૪
મોલમેં બૈઠી નાગર બ્રાહ્મણી પંડિત આવોને ઘેર,
સુરદાસ પ્રભુ તુમ્હારે મિલનકો દરિદ્ર દૂર કરે.....૫

## આનંદ મંગલ

આરતી

આનંદ મંગલ કરું શુભ આરતી, હરિ ગુણ સંતની સેવા
પ્રેમ ધરીને મારે મંદિરે પધારો, સુંદિર સુખડાં લેવા....આનંદ મંગલ
રત્નસિંહાસન આપ બિરાજો, દેવાધિ છો દેવા....આનંદ મંગલ
મારે આંગણે તુલસીનો કયારો, શાલીગ્રામની સેવા....આનંદ મંગલ
અડસઠ તીરથ ગુરુજીને ચરણે, ગંગા જમના રેવા....આનંદ મંગલ
સંત મળે તો મહાસુખ પામે, ગુરુજી મળે તો મેવા....આનંદ મંગલ
કહે પ્રીતમ એને ઓળખ જાડો, હરિના જન હરિ જેવા....આનંદ મંગલ

※

## આરતી કીજે નરસિંહ પ્રભુકી,

આરતી કીજે નરસિંહ પ્રભુકી, વેદ વિમલ જશ ગાવે.....
પહલી આરતી પ્રલ્હાદ ઉગારે, હિરણ કશીપુ નખ ઉદર બિડારે.....
દુસરી આરતી વામન સેવા, બલિ કે દ્વારે પધારે હો દેવા.....
તીસરી આરતી બ્રહ્મા સધારે, સહસ્રા બાહુ કે કારજ સારે.....
ચોથી આરતી અસુર સંહારે, ભકત વિભીષણ લંકા સધારે.....
પાંચમી આરતી કંસ પછાડે, ગોપી ગ્વાલ સખાપતિ પાલે.....
તુલસી કે પત્ર કંઠ મણિ હીરા, હરખી નીરખે ગાવે દાસ કબીરા.....

※

## હે નાથ, જોડી હાથ

હે નાથ, જોડી હાથ પાયે પ્રેમથી સહુ લાગીએ,
શરણું મળે સાચું તમારું એ હૃદયથી માંગીએ.
જે જીવ આવ્યો આપ પાસે ચરણમાં અપનાવજો,
પરમાત્મા એ આત્માને શાંતિ સાચી આપજો...પરમાત્મા.....૧

વળી કર્મના યોગે કરીને જે કુળમાં એ અવતરે,
ત્યાં પૂર્ણ પ્રેમે ઓ પ્રભુજી આપની ભકિત કરે,
લક્ષચોર્યાસી બંધનોને લક્ષમાં લઈ કાપજો,
પરમાત્મા એ આત્માને શાંતિ સાચી આપજો...પરમાત્મા.....૨
સુખસંપત્તિ, સુવિચારને સતકર્મનો દઈ વારસો,
જન્મોજનમ તમ ભકિતથી કિરતાર પાર ઉતારજો
આ લાકે ને પરલોકમાં તમ પ્રેમ રગ રગ વ્યાપજો,
પરમાત્મા એ આત્માને શાંતિ સાચી આપજો...પરમાત્મા.....૩
મળે મોક્ષ કે સુખ સ્વર્ગનાં આશા ઉરે એવી નથી,
દ્યો દેહ દુર્લભ માનવીનો ભજન કરવા ભાવથી,
સાચું બતાવી રૂપ શ્રી રણછોડ હૃદયે સ્થાપજો,
પરમાત્મા એ આત્માને શાંતિ સાચી આપજો...પરમાત્મા.....૪
હે નાથ, જોડી હાથ પાયે.....

## પ્રભુ દ્વારા તમારા ખોલો રે

પ્રભુ દ્વાર તમારા ખોલો રે આવ્યો એક પૂણ્યાત્મા
આ દુનિયાની સગાઈએ તો પ્યારમાં પથરાઈ
એમાં આત્મા ગયો લપટાઈ રે આવ્યો એક પૂણ્યાત્મા.
આ ચારેકોરની માયા તેમાં સઘળા ભેદ સમાયા;
મન માનવમાં લોભાયા રે આવ્યો એક પૂણ્યાત્મા
આ કાયા કુંભ છે કાચો સમજો તો એમાં ન રાચો;
પ્રભુ તું છે એક જ સાચો રે આવ્યો એક પુણ્યાત્મા
એણે સતકર્મ કંઈ કીધાં એણે દુ:ખ સહન કરી લીધાં;
તારા નામનાં અમૃત પીધાં રે આવ્યો એક પુણ્યાત્મા
લીધી તારા નામની માળા હૈયે ભજીલે છેલ છોગાળા;
ઓ ગિરધારી ગોપાલા રે આવ્યો એક પુણ્યાત્મા

તારે હાથે છે મુજ નૈયા તને પોકારું તરવૈયા;
તમે આવોને રખવૈયા રે આવ્યો એક પૂણ્યાત્મા
તમે વ્હારે આવો નાથ, મારો પકડી લેજો હાથ;
પછી છોડું નહિ સંગાથ રે આવ્યો એક પૂણ્યાત્મા
આ અવિચળ ભાનુ ચંદા, એ તારી લીલા ગોવિંદા;
ઓ જશોદાજીના નંદા રે આવ્યો એક પૂણ્યાત્મા
પ્રભુ એ છે પ્રાર્થના મારી આત્માને લેજો તારી;
તમે સુણજો કૃષ્ણ મોરારી રે આવ્યો એક પૂણ્યાત્મા

## સત્યનામ સદ્‌ગુરુ

સત્યનામ સદ્‌ગુરુ કબીર હૈ પ્યારે
હે નાથ સદ્‌ગુરુ મેં શરણ તુમ્હારે
પ્રભુ તારે દ્વારે આવ્યો એ આત્મા
શાંતિ આપો હે પરમાત્મા
આજ અમો કરીએ છીએ તારી પ્રાર્થના
શાંતિ આપો હે પરમાત્મા
જન્મો જન્મના ફેરા ટાળો
મુકિત આપો હે પરમાત્મા
શાંતિ આપો હે પરમાત્મા
ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

બિન ગુરુ જ્ઞાને દુંદભો, ખસમ કહી મિલી વાત,
જુગ જુગ કહવૈયા કહે, કાહુ ન માની બાત.

## ધૂન

સત્યનામ કબીર સત્યનામ કબીર,
ગુરુદેવ કબીર, ગુરુદેવ કબીર,
બોલો બોલો રે કબીર બોલો બોલો રે કબીર.
બંદી છોડ બાલાપીર બંદી છોડ બાલાપીર,
બોલો સાહેબ કબીર બોલો સાહેબ રે કબીર
દર્શન દેજો રે કબીર દર્શન દેજો રે કબીર,
આવો આવો રે કબીર આવો આવો રે કબીર.
ગુરુ સાહેબ કબીર, ગુરુ સાહેબ કબીર,
ભીડ ભાંગો રે કબીર, ભીડ ભાંગો રે કબીર.
બોલો બોલો રે કબીર, બોલો બોલો રે કબીર.

## શ્રી રામ જય રામ જય જય રામ

શ્રી રામ જય રામ જય જય રામ
હરે રામ હરે રામ, રામા રામા હરે હરે
હરે કૃષ્ણ હરે કૃષ્ણ, કૃષ્ણા કૃષ્ણા હરે હરે
નમઃ શિવાય ઓમ નમઃ શિવાય
હર હર હર ભોલે નમઃ શિવાય
ગોવિંદ જય જય ગોપાલ જય જય
રાધા રમણ હરિ ગોવિંદ જય જય
રામ રાઘવ કી જય શ્યામ સુંદર કી જય
બોલો હનુમાન કૃપાલુ કી જય જય જય
રાજા રામ રામ રામ, સીતા રામ રામ રામ
રાજા રામ રામ રામ, સીતા રામ રામ રામ
રાધે શ્યામ શ્યામ શ્યામ, રાધે શ્યામ શ્યામ શ્યામ
ઉમા શિવ શિવ શિવ, ઉમા શિવ શિવ શિવ,
ઉમા શિવ શિવ શિવ, ઉમા શિવ શિવ શિવ,

## રઘુપતિ રાઘવ રાજારામ

રઘુપતિ રાઘવ રાજારામ, પતિત પાવન સીતારામ
સીતારામ સીતારામ, ભજ મન પ્યારે સીતારામ.....રઘુપતિ.
ઈશ્વર અલ્લાહ તેરે નામ, સબકો સન્મતિ દે ભગવાન
મંદિર મસ્જિદ તેરે ધામ, પતિત પાવન સીતારામ.....રઘુપતિ.
રાત્રે નિદ્રા દિવસે કામ, કયારે ભજીશું શ્રી ભગવાન.....રઘુપતિ.
તનમેં રામ મનમેં રામ, અણુ અણુ મેં રામ હિ રામ.....રઘુપતિ.
જલમેં રામ સ્થલમેં રામ, સારે જગતમેં તું હી રામ
રઘુપતિ રાઘવ રાજારામ, પતિત પાવન સીતારામ
સીતારામ સીતારામ ભજ મન પ્યારે સીતારામ.....રઘુપતિ.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

## શ્રી રામ ધૂન પ્રાર્થના

શ્રી રામ જયરામ જય જય રામ, તાળી પાડો રાધેશ્યામ
દશરથનંદન સીતારામ, વાસુદેવનંદન રાધેશ્યામ
કૌશલ્યાનંદન સીતારામ, દેવકીનંદન રાધેશ્યામ
દિવસે જન્મ્યા સીતારામ, રાતે જન્મ્યા રાધેશ્યામ
રામનવમીએ સીતારામ, જન્માષ્ટમીએ રાધેશ્યામ
રામ મહેલમાં સીતારામ, કારાગૃહમાં રાધેશ્યામ
પંચવટીમાં સીતારામ, વૃંદાવનમાં રાધેશ્યામ
વનવાસ ભોગવ્યો સીતારામ, ગોકુળ ભોગવ્યો રાધેશ્યામ
રાવણ માર્યો સીતારામ, કંસને માર્યો રાધેશ્યામ
અહલ્યા ટાળી સીતારામ, કુબ્જા ટાળી રાધેશ્યામ
શૂર્પણખા મારી સીતારામ, પૂતના મારી રાધેશ્યામ
શબરી ટાળી સીતારામ, ઋષિ પત્ની ટાળી રાધેશ્યામ
વાંદરોને વહાલા સીતારામ, ગોવાળને વહાલા રાધેશ્યામ

સરીયુ કિનારે સીતારામ, યમુના કિનારે રાધેશ્યામ
સેતુબંધ બાંધ્યો સીતારામ, ગોવર્ધન તોળ્યો રાધેશ્યામ
અયોધ્યા નિવાસી સીતારામ, મથુરા નિવાસી રાધેશ્યામ
ધનુષધારી સીતારામ, મોરલીધારી રાધેશ્યામ
રામાયણમાં સીતારામ, ભાગવતમાં રાધેશ્યામ
રાતે નિદ્રા દિવસે કામ, કયારે ભજશું હરિનું નામ
કરતાં જાશું ઘરનાં કામ, લેતાં જાશું હરિનું નામ
શ્રી રામ જયરામ જય જય રામ

## અચ્યુતમ્ કેશવમ્

અચ્યુતમ્ કેશવમ્ રામનારાયણમ્
કૃષ્ણ દામોદરમ્ વાસુદેવમ્ હરે.....૧
શ્રી ધરમ્ માધવમ્ ગોપીકા વલ્લભમ્
શ્રી જાનકી નાયકમ્ રામચંદ્રમ્ ભજે.....૨
રામ રામ રામ રામ રામ નામ તારકમ્
રામ કૃષ્ણ વાસુદેવ ભકિત મુકિત દાયકમ્.....૩
શંકરાય ક્રિયમાણ પુન્ય દાન કિર્તનમ્
શ્રી જાનકી મનોહરમ્ રામચંદ્રમ્ હરે.....૪

## અમને અંત સમે ઉગારી

અમને અંત સમે ઉગારી લેવા આવજો રે
શ્રીમદ સદ્‌ગુરુ નામ તમારું પ્રાણ જાતા થાય નકામું
મનહર મંગલ મૂર્તિ નાથ બતાવજો રે.....અમને
વિકટ સમય સાચવજો વ્હાલા કહું કોટિ કરી કાલાવાલા
આવી દીનદયાળ દયા દર્શાવજો રે.....અમને
વસમી અંત સમયની વેળા વહારે ધાજો વિઠ્ઠલ વહેલા
પરમ પરમાનંદ પહેલા પણ પરખાવજો રે.....અમને

મરકટ જેવું મન અમારું તત્ત્વ તોડે તાન અમારું
અંતર્યામી પ્રભુ, અંધારું સહુ અજવાળજો રે.....અમને
દેજો દર્શન જન મનહરી પરમ કૃપાળુ કૃષ્ણ મુરારી
રત્નમય બલિહારી બાળને બચાવજો રે.....અમને

## આ તો તારું ભાડાનું મકાન, હંસલા !

આ તો તારું ભાડાનું મકાન, હંસલા ! રહેવા દીધો તને શામળે...
પડોશીની રાખજે પિછાન, હંસલા ! રહેવા દીધો તને શામળે....
નવ માસ થયા એને બાંધીને આપતાં,
ટાઢ ને તડકાના વાયરાઓ આવતાં,
ડગ્યું નહીં તો યે એનું સ્થાન..... હંસલા રહેવા.
જુકિતથી મૂકયાં એનાં બારીને બારણાં,
કારીગરે પૂરેપૂરી કીધી વિચારણા,
સાથે દીધા દીપક બે કાન..... હંસલા રહેવા.
સડો ન લાગે એને સંભાળી રાખજે,
ભકિતના રંગમાં રંગી તું નાખજે,
ગોત્યું આવું નહિ મળે રહેઠાણ..... હંસલા રહેવા.
મનહર જોજે ના ફરી પડે બદલવું,
ભાડૂતીના કાયદા પરમાણે વરતવું;
તો થશે તારો માલિક મે'રબાન..... હંસલા રહેવા.

**અમૃત વસ્તુ જાનૈ નહિ, મગન ભયે સબ કોય,**
**કહેં હિં કબીર કામો નહિ, જીવહિં મરન ન હોય.**

## તારી એક એક પળ જાય

તારી એક એક પળ જાય સવા લાખની,
તું તો માળા રે જપી લે મારા રામની.
સાથે આવ્યા શું લઈ જાશો ? આવ્યા તેવા ખાલી જશો;
જીવન ધન્ય રે બનાવો ભકિત ભાવથી.....તું તો માળા.
જૂઠા જગના જૂઠા ખેલ, મનવા ! મારું તારું મેલ;
તું તો છોડી દે ચિંતા આખા ગામની..... તું તો માળા.
રાજા રંગીલા રણછોડ, મારા ચિતડાનો ચોર,
મેં તો મૂર્તિ જોઈ છે મારા રામની..... તું તો માળા.
ભકિત ખાંડા કેરી ધાર, ઊંઘણશીનું નહિ કામ;
હાંરે મને લાગી રે લગન ભગવાનની..... તું તો માળા.
મનમાં લાગી તાલાવેલી, આંખે આંસુડાંની હેલી,
નંદુ ચેતીને તું ચાલ યમ તણા મારથી..... તું તો માળા.

## આટલો સંદેશો મારા

આટલો સંદેશો મારા સદ્‌ગુરુને કહેજો,
સેવકના હૃદયમાં રહેજો...સંદેશો.....ટેક
કાયાના દેવળ અમને કાચા રે લાગે,
તેનો ભરોસો અમને દેજા...સંદેશો.....૧
કાયા પડશે ને હંસ કયાં જઈ સમાશે,
તે ઘર બતલાવી અમને દેજો...સંદેશો.....૨
બ્રહ્મા સ્વરૂપ મારી નજરે ન આવે,
તેના તે દર્શન અમને દેજો...સંદેશો.....૩
જનમો જનમ મારા રૂદિયામાં રહેજો,
એવી તો વૃત્તિ અમને દેજો...સંદેશો.....૪
ધર્મદાસની અરજી સુણો રે ગોસ્વામી,
ભકિતને મુકિત અમને દેજો...સંદેશો.....૫

# પીંજર જૂનું લાગ્યું

આત્માને જૂનું લાગ્યું રે પંખીને જૂનું લાગ્યું રે
પીંજર જૂનું લાગ્યું

એને બહુ બહુ સમજાવ્યું તો યે એણે કહ્યું નવ માન્યું
એણે નવું પીંજર માંગ્યું રે (૨).....પીંજર.....૧

આ કાયા કુંભ છે કાચો સમજો તો એમાં ન રાચો.
પરમાત્મા એક જ સાચો રે (૨).....પીંજર.....૨

આ ચારે કોરની માયા તેમાં સઘળા ભેદ સમાયા
મન માનવના લોભાયા રે (૨).....પીંજર....૩

આ દુનિયાની સગાઈ રહી પ્યારમાં પથરાઈ
આત્મા ઝંખે રઘુરાય રે (૨).....પીંજર.....૪

તમે સમજુ થઈને માનો આ કામ ન આવે ખજાનો
પ્રભુ નામ ખરો પરવાનો રે (૨).....પીંજર.....૫

આ અજર અમર છે આત્મા તારા અંશ છે પરમાત્મા
આ જુદો નથી જીવાત્મા રે (૨).....પીંજર.....૬

આત્માની શાંતિ માટે રામનામનું સ્મરણ કરજો
જેથી આત્માને શાંતિ થાય રે (૨).....પીંજર.....૭

જો જાનહુ જીવના, જા જાનહુ સો જીવ,
પાનિ પચાવહુ આપના, પાની માંગી ન પીવ.

# તમે ભાવે ભજી લ્યો ભગવાન

તમે ભાવે ભજી લ્યો ભગવાન જીવન થોડું રહ્યું તમે.....
કંઈક આત્માનું કરજો કલ્યાણ... જીવન થોડું રહ્યું તમે.....
એને દીધોલા કોલ શું ભૂલી ગયા (૨)
જૂઠી માયાને મોહિનીમાં ઘેલાં થયાં (૨)
ચેતો ચેતો શું ભૂલ્યો છો ભાન... જીવન થોડું રહ્યું તમે.....
બાળપણને જુવાનીમાં અડધુ ગયું (૨)
નહીં ભકિતના મારગમાં ડગલું ભર્યું (૨)
હવે બાકી છે એમાં દિયો ધ્યાન...... જીવન થોડું રહ્યું તમે.....
પછી ઘડપણમાં ગાવિંદ ભજાશે નહીં (૨)
લોભ, વૈભવને ધન તજાશે નહીં (૨)
બનો આજથી પ્રભુમાં મસ્તાન... ... જીવન થોડું રહ્યું તમે.....
જરા ચેતીને ભકિતનું ભાથું ભરો (૨)
કંઈક ડર તો પ્રભુજીનો દિલમાં ધરો (૨)
છીએ થોડા દિવસના મહેમાન... ... જીવન થોડું રહ્યું તમે.....
બધા આળસમાં આમ દિન વીતી જાશે (૨)
પછી ઓચિંતુ જમનું તેડું આવશે (૨)
નહીં ચાલે તમારું તોફાન... ... જીવન થોડું રહ્યું તમે.....
એજ કહેવું આ દાસનું દિલમાં ધરો (૨)
ચિત્ત રાખીને રણછોડને ભાવે ભજો (૨)
ઝાલો ઝાલો ભકિતનું સુકાન... ... જીવન થોડું રહ્યું તમે.....



## તેરે દ્વાર ખડા ભગવાન

તેરે દ્વાર ખડા ભગવાન ભગત ભર દે રે ઝોલી,
તેરા હોગા બડા અહેશાન કે જુગ જુગ તેરી રહેગી શાન
ભગત ભર દે રે ઝોલી.
ડોલ ઊઠી હૈ સારી ધરતી દેખ રે ડોલા ગગન કા તારા;
ભીખ માંગને આયા તેરે ઘર જગતકા પાલન હારા રે (૨)
જો આજ તેરા મહેમાન કરલે મુજસે જરા પહેચાન
ભગત ભર દે રે ઝોલી.
આજ લૂંટા દે રે સર્વસ્વ અપના માનલે કહેના મેરા
મીટ જાયેગા પલમેં તેરા જનમ જનમ કા ફેરા રે (૨)
તું છોડ સકલ અભિમાન અમર કર લે તું અબ નાદાન
ભગત ભર દે રે ઝેલી.

## મંગળ મંદિર ખોલો

મંગળ મંદિર ખોલો દયામય,
મંગળ મંદિર ખોલો.....ટેક
જીવન વન અતિ વેગે વટાવ્યું,
દ્વાર ઊભો શિશુ ભોળો.....૧
તિમિર ગયું ને જયોતિ પ્રકાશ્યો,
શિશુને ઉરમાં લ્યો લ્યો.....૨
નામ મધુર તમ રટયો નિરંતર
શિશુ સહ પ્રેમે બોલો.....૩
દિવ્ય તૃષાતુર આવ્યો બાળક,
પ્રેમે અમીરસ ઢોળો.....૪

## શંભુ ! ચરણે પડી માગું

શંભુ ! ચરણે પડી, માગું ઘડીએ ઘડી, કષ્ટ કાપો.....
દયા કરી દરશન શિવ આપો.
તમે ભકતોનાં દુઃખ હરનારા, શુભ સૌનું સદા કરનારા;
હું તો મંદમતિ, તારી અકળ ગતિ, સમજણ આપો.....દયા.
અંગે ભસ્મ સ્મશાનની ચોળી, સંગે રાખો સદા ભૂત-ટોળી;
ભાલે +તિલક કર્યું, કંઠે વિષ ધર્યું, અમરત આપો.....દયા.
'નેતિ નેતિ' જયાં વેદ વદે છે, મારું ચિતડું ત્યાં જવા ચહે છે,
કણ કણ કણમાં છે તું, વસુ તારામાં હું, સિદ્ધિ આપો.....દયા.
હું તો એકલપંથી પ્રવાસી, છતાં આત્મા કેમ ઉદાસી?
થાકયો મથી મથી, કારણ મળતું નથી, મૂંઝવણ ટાળો.....દયા.
આપો દષ્ટિમાં નૂર અનોખું, સારી સૃષ્ટિને શિવરૂપ દેખું;
મારા ઉરે વસો, હોઠે આવી હસો, શાંતિ સ્થાપો.....દયા
ભોળા શંકર ભવદુઃખ કાપો, નિત્ય સેવાનો લહાવો આપો;
ટાળો માન સદા, ગાળો ગર્વ સદા, હૈયે ચાંપો.....દયા.

## તું તો રામ સુમર

તુ તો રામ સુમર
જગ લડવા દે,
કોરા કાગજ કાળી શાહી
લિખત પઢત વાકો પઢવા દે.....તું તો.

હાથી ચલત હૈ અપની ગતમેં
કૂતર ભૂંકત વા કો ભૂંકવા દે.....તું તો.

કહત કબીર સુનો ભાઈ સાધો
નરક પચત વા કો પચવા દે.....તું તો.

## સુણાવો ગીતા-સાર

સુણાવો ગીતા-સાર ઉતારો ભવ-પાર
ગુરુજી મારા ! હું પૂજું ચરણ તમારાં.
હું આવી પડયો છું આ જગમાં
નથી રે કોઈ દિલાસો દિલમાં
હું રખડી રઝળી થાકયો.....ગુરુજી મારા ! હું પૂજું.
હજી દિલમાં કંઈ કંઈ આશ મને,
સત્યપંથ બતાવનારા શોધું તને;
જયોતિમાં જયોતિ મિલાવો.....ગુરુજી મારા ! હું પૂજું.
હશે દોષ અમારા સહુ માફ કરો,
અમ દીન-ગરીબને વ્હાર કરો,
તમે દૈવી દયા વરસાવો.....ગુરુજી મારા ! હું પૂજું.
જો દાસ પર તમે દયા કરો,
તો ભવનો ફેરો પલમાં હરો;
હું આશાએ અહીં આવ્યો.....ગુરુજી મારા ! હું પૂજું.

## શ્રી રામચંદ્ર કૃપાલુ ભજમન

શ્રી રામચંદ્ર કૃપાલુ ભજમન, હરણ ભવ ભય દારૂણમ્,
નવ કંજ લોચન કંજ મુખ કર, કંજ પદ કંજારૂણમ્.....૧
કંદર્પ અગણિત અમિત છબી નવ નિલ નિરજ સુંદરમ્,
પટ પિત માનહુ તડિત રૂચી સુચિ નવમી જનકસુતાવરમ્.....૨
ભજ દીનબંધુ દિનેશ દાનવ દલન દુષ્ટ નિકંદનમ્,
રઘુનંદ આનંદ કંદ કૌશલ્ય ચંદ દશરથ નંદનમ્.....૩
શિર મુગટ કુંડલ તિલક ચારૂ ઉદાર અંગ વિભૂષણમ્,
આજન ભૂજ સર ચાપધર સંગ્રામ જીત ખલ દુષણમ્.....૪
ઈતિ વદિત તુલસીદાસ શંકર, શેષ મુનિજન રંજનમ્,
મમ હૃદય કુંજ નિવાસ કરો કામા દિખલ દલ ગંજનમ્.....૫

## પ્રભો અન્તર્યામી

પ્રભો અંતર્યામી જીવન જીવના દીનશરણા
પિતા માતા બંધુ અનુપમ સખા હિતકરણા,
પ્રભા કીર્તિ કાંતિ ધન વિભવ સર્વસ્વ જનના,
નમુ છું વંદુ છું, વિમલ મુખ સ્વામી જગતના.
અસત્યો માંહેથી પ્રભુ પરમ સત્યે તું લઈ જા,
ઊંડા અંધારેથી પ્રભુ પરમ તેજે તું લઈ જા.
પિતા પેલો આઘે જગત વીંટતો સાગર રહે,
અને વેગે પાણી સકળ નદીનાં તે ગમ વહે.
વહો એવી નિત્યે મુજ જીવનની સર્વ ઝરણી,
દયાના પુણ્યોના તુજ પ્રભુ મહાસાગર ભણી.
થતું જે કાયાથી ઘડીક ઘડી વાણીથી ઉચરું,
કૃતિ ઈન્દ્રિઓની મુજ મન વિષે ભાવ જ સ્મરુ.
સ્વભાવે બુદ્ધિથી શુભ અશુભ જે કાંઈક કરું.
ક્ષમા દષ્ટે જો જો તુજ ચરણમાં નાથજી ધરું.

## સંત પરમ હિતકારી

સંત પરમ હિતકારી,
જગત માંહી.....સંત
પ્રભુ પદ પ્રગટ કરાવત પ્રીતિ,
ભરમ મિટાવત ભારી.....સંત
પરમ કૃપાલુ સકલ જીવન પર
હરિ સમ સબ દુખહારી.....સંત
ત્રિગુણાતીત ફિરત તન ત્યાગી
રીત જગતસે ન્યારી.....સંત
બ્રહ્માનંદ સંતન કી સોબત
મિલત હૈ પ્રગટ મુરારી.....સંત

# હનુમાન ચાલીસા

શ્રી ગુરુચરણ સરોજ રજ નિજ મુકુર સુધાર,
બરનૌ રઘુવર વિમલ યશ જો દાયક ફલ ચાર.
બુદ્ધિહિન તનુ જાનિકે સુમરૌ પવનકુમાર
બલ બુદ્ધિ વિદ્યા દેહુ મોહિ કલેષ વિકાર

જય હનુમાન જ્ઞાન ગુન સાગર । જય કપિસ તિહુ લોક ઉજાગર ॥
રામદૂત અતુલિત બલ ધામા । અંજનિ પુત્ર પવન સુત નામા ॥

મહાબીર બિક્રમ બજરંગી । કુમતિ નિવાર સુમતિ કે સંગી ॥
કંચન બરન બિરાજ સુબેસા । કાનન કુંડલ કુંચિત કેસા ॥

હાથ વજ્ર ઔર ધ્વજા બિરાજે । કાંધે મૂંજ જનેઉ સાજૈ ॥
સંકર સ્વયં કેસરી નંદન । તેજ પ્રતાપ મહા જગ-બંદન ॥

બિદ્યાવાન ગુની અતિ ચાતુર । રામ કાજ કરિબે કો આતુર ॥
પ્રભુ ચરિત્ર સુનિબે કો રસિયા । રામ લખન સીતા મન બસિયા ॥

સૂક્ષ્મ રૂપ ધરિ સિયહિં દિખાવા । બિકટ રૂપ ધરિ લંક જરાવા ॥
ભીમ રૂપ ધાર અસુર સંહારે । રામચંદ્ર કે કાજ સંવારે ॥
લાય સજીવન લખન જિવાયે । શ્રી રઘુબીર હરષિ ઉર લાયે ॥
રઘુપતિ કીન્હીં બહુત બડાઈ । તુમ મમ પ્રિય ભરત સમ ભાઈ ॥

સહસ્ત્ર બદન તુમ્હરો જસ ગાવૈં ? અસ કહિ શ્રીપતિ કંઠ લગાવૈ ॥
સનકાદિક બ્રહ્માદિ મુનિસા । નારદ સારદ સહિત અહીસા ॥

યમ કુબેર દિગપાલ જહાં તે । કબિ કોબિદ કહિ સકે કહાં તે ॥
તુમ ઉપકાર સુગ્રીવહીં કીન્હા । રામ મિલાય રાજપદ દીન્હા ॥

તુમ્હારો મંત્ર બિભીષન માના । લંકેશ્વર ભએ સબ જગ જાના ॥
જુગ સહસ્ત્ર જોજન પર ભાનૂ । લીલ્યો તાહિ મધુર ફલ જાનૂ ॥

પ્રભુ મદ્રિકા મેલ મુખ માંહી । જલધિ લાંઘિ ગયે અચરજ નાહીં ॥
દુર્ગમ કાજ જગત કે જે તે । સુગમ અનુગ્રહ તુમ્હરે તેતે ॥

રામ દુઆરે તુમ રખવારે । હોત ન આજ્ઞા બિનુ પૈંસારે ॥
સબ સુખ લહૈ તુમ્હારી સરના । તુમ રક્ષક કાહૂ કો ડરના ॥

આપન તેજ સમ્હારો આપૈ । તીનોં લોક હાંક તે કાંપે ॥
ભૂત પિસાચ નિકટ નહી આવૈ । મહાબીર જબ નામ સુનાવૈ ॥

નાસૈ રોગ હરૈ સબ પીરા । જપત નિરંતર હનુમંત બીરા ॥
સંકટ તેં હનુમાન છુડાવૈ । મન કર્મ બચન ધ્યાન જો લાવૈ ॥

સબ પર રામ તપસ્વી રાજા । તિન કે કાજ સકલ તુમ સાજા ॥
ઔર મનોરથ જો કોઈ લાવે । સોઈ અખિલ જીવન ફલ પાવૈ ॥

ચારોં જુગ પરતાપ તુમ્હારા । હૈ પરસિધ્ધ જગત ઉજિયારા ॥
સાધુ સંત કે તુમ રખવારે । અસુર નિકંદન રામ દુલારે ॥
અષ્ટસિધ્ધિ નૌ નિધિ કે દાતા । અસ બર દીન જાનકી માતા ॥
રામ રસાયન તુમ્હારે પાસા । સદા રહો રઘુપતિ કે દાસા ॥

તુમ્હારે ભજન રામ કો પાવૈ । જનમ જનમ કે દુઃખ બિસરાવૈ ॥
અંત કાલ રઘુબર પુર જાઈ । જહાં જન્મ હરિભકત કહાઈ ॥

ઔર દેવતા ચિત્ત ન ધરઈ । હનુમત સેઈ સર્વ સુખ કરઈ ॥
સંકટ હરે મિટૈ સબ પીરા । જો સુમિરૈ હનુમત બલબીરા ॥

જૈ જૈ જૈ હનુમાન ગોસાઈ । કૃપા કરહુ ગુરુદેવ કી નાઈ ॥
જો સત બાર પાઠ કરે કોઈ । છૂટહિ બંદિ મહા સુખ હોઈ ॥

જો યહ પઢૈ હનુમાન ચાલીસા । હોય સિદ્ધિ સાખી ગૌરીસા ॥
તુલસીદાસ સદા હરિ ચેરા । કીજૈ નાથ હૃદય મહીં ડેરા ॥

પવન તનય સંકટ હરન, મંગલ મૂરતિ રૂપ ।
રામલખન સીતા સહિત, હૃદય બસહુ સુર ભૂપ ॥
સિયાવર રામચંદ્રજી કી જય, પવનસુત હનુમાન કી જય ।
ઉમાપતિ મહાદેવજી કી જય, બોલો ભાઈ સબસંતન કી જય ॥

# જય આદ્યા શકિત

જય આદ્યા શકિત મા, જય આદ્યા શકિત
અખંડ બ્રહ્માંડ નિપજાવ્યા, પડવે પ્રગટ થયા
ઓમ જય .....ટેક
દ્વિતીયા બે સ્વરૂપ, શિવ શકિત જાણું (૨)
બ્રહ્મા ગણપતિ ગાવે, હર ગાવે હરમા........૧
તૃતીયા ત્રણ સ્વરૂપ, ત્રિભુવનમાં બેઠા (૨)
ત્રયા થકી તરવેણી, તું ત્રિવેણી મા........૨
ચોથે ચતુરા મહાલક્ષ્મી મા, સચરાચર વ્યાપ્યા (૨)
ચાર ભુજા ચૌ દિશે પ્રગટયો દક્ષિણમાં........૩
પંચમે પંચ ઋષિ, પંચમે ગુણ પદમા (૨)
પંચ તત્ત્વ ત્યાં સોહીએ, પંચે તત્ત્વોમાં........૪
ષષ્ટી તું નારાયણી, મહિસાસુર માર્યો (૨)
નરનારીના રૂપે, વ્યાપ્યા સર્વેમા........૫
સપ્તમી સપ્ત પાતાળ, સંધ્યા સાવિત્રી (૨)
ગૌ ગંગા ગાયત્રી, ગૌરી ગીતા મા........૬
અષ્ટમી અષ્ટ ભુજા આઈ આનંદ મા (૨)
સુનિવર મનિવર જનમ્યા, દેવે દૈત્યો મા........૭
નવમી નવકુળ નાગ, સેવે નવદુર્ગા (૨)
નવરાત્રીના પૂજન, શિવરાત્રીના અર્ચન
કીધા હર બ્રહ્મા........૮
દશમી દશ અવતાર, જય વિજયા દશમી (૨)
રામે રામ રમાડયા, રાવણ રોળ્યો મા........૯
એકાદશી અગ્યિારશે કાત્યાયની કામા (૨)
કામ દુર્ગા કાલિકા, શ્યામા ને રામા........૧૦

બારસે બાળા રૂપ, બહુચરી અંબા મા (૨)
બટુક ભૈરવ સોહીએ, કાળ ભૈરવ સોહીએ
તારા છે તુજ મા........૧૧
તેરસે તુળજા રૂપ તું તારુણી માતા (૨)
બ્રહ્મા વિષ્ણુ સદાશિવ ગુણ તારા ગાતા........૧૨
ચૌદશે ચૌદા રૂપ ચંડી ચામુંડા (૨)
ભાવ ભકિત કંઈ આપો, ચતુરાઈ કંઈ આપો
સિવવાહીની મા........૧૩
પૂનમે કુંભ ભર્યો, સાંભળજો કરુણા (૨)
વશિષ્ઠ દેવે વખાણ્યા, માર્કંડ દેવે વખાણ્યા
ગાઈએ શુભ કવિતા........૧૪
સંવત સોળ સત્તાવન સોળ સે બાવીસમાં (૨)
સંવત સોળે પ્રગટયા, રેવાને તીરે, ગંગાને તીરે........૧૫
ત્રંબાવટી નગરી મા, રૂપાવટી નગરી (૨)
સોળ સહસ્ત્ર ત્યાં સોહીએ, ક્ષમા કરો ગૌરી........૧૬
ભાવ ન જાણું ભકિત ન જાણું નવ જાણું સેવા (૨)
બાળક તારાં શરણે અવિચળ પદ લેવા........૧૭
એ બે એક સ્વરૂપ, અંતર નવ ગણશો (૨)
ભોળા ભવાનીને ભજતાં ભવસાગર તરશો........૧૮
જય બહુચર બાળી મા, જય બહુચર બાળી (૨)
આરાસુરમાં અંબા બિરાજે, પાવાગઢ કાળી........૧૯
શિવ શકિતની આરતી જે કોઈ ગાશે (૨)
ભણે શિવાનંદ સ્વામી, સુખ સંપત્તિ થાશે
હર કૈલાશે જાશે, મા અંબા દુઃખ હરશે........૨૦

## મારી નાડ તમારે હાથે

મારી નાડ તમારે હાથે હરિ સંભાળજો રે;
મુજને પોતાનો જાણીને, પ્રભુપદ પાળજો રે.....મારી.
પથ્યા પથ્ય નથી સમજાતું, દુઃખ સદૈવ રહે ઉભરાતું;
મને હશે શું થાતું, નાથ નિહાળજો રે.....મારી.
અનાદિ વૈદ્ય આપ છો સાચા, કોઈ ઉપાય વિષે નહિ કાચા;
દિવસ રહ્યા છે ટાંચા વેળા વાળજો રે.....મારી.
વિશ્વેશ્વર શું હજી વિસારો, બાજી હાથ છતાં કાં હારો,
મહા મુંઝારો મારો, નટવર ટાળજો રે.....મારી
કેશવ હરિ મારું શું થાશે, ઘાણ વળ્યો શું ઘઢ ઘેરાશે;
લાજ તમારી જાશે ભૂધર ભાળજો રે.....મારી

## હું તારી બોલાવું જે, પ્રભુ

હું તારી બોલાવું જે, પ્રભુ મારી ખબર તું લે
આ તો તારી મારી બેની વાત છે, કોઈ ત્રીજો ન જાણી લે
મારી વાણી અવિચળ વહે, જો તું સંગાથે રહે
હો જી હો....મને તારો ઈશારો દે, તારી વાત તું કાને કહે
મને પાગલ બનાવ્યો તે, તારું શરણું સ્વીકાર્યું મેં.....હું તારી.
મારે જગનું દેવું છે, વ્રત સેવાનું લેવું છે
હોજી હો.... પડે કષ્ટ તે સહેવું છે, કોઈને નવ કહેવું છે
તારી સાથે રહેવું છે, મને ફાવે તેવું છે.....હું તારી.
મને પુનીત થાવા દે, તારા ગુણલા ગાવા દે
હોજી હો....મને એવા લ્હાવા દે જેમાં સત્ય કમાવા દે
જયાં કાવાદાવા છે, રામભકત ન જાવા દે.....હું તારી

## માયાની જાળમાં

તમે માયાની જાળમાં, જૂઠા સંસારમાં રટી લો રાધેશ્યામને
પવન ઝેરી આ કળિયુગનો વાય છે,
તોયે માયામાં માનવ મલકાય છે;
જરા અંતરના પડદા ખોલો સંસારમાં,.......... રટી લો.
ગુમાવ્યું બાળપણ રમી ઉછંગમાં,
વીતી યુવાની તારી માયાના સંગમાં,
હવે ઘડપણમાં આંખો ખોલો સંસારમાં,........ રટી લો.
કંઈક મોહ્યા છે રૂપ ગુણ ગાનમાં,
કંઈક ફૂલ્યા છે માન અભિમાનમાં,
ભલા ! સ્વપ્ન સમાન સહુ સુખો સંસારમાં,.... રટી લો.
જેણે જાણ્યા છે રાધાના શ્યામને,
તે તો પામ્યા છે અવિચળ ધામને;
બાળ કર જોડી વીનવે તમને સંસારમાં,........ રટી લો.

## ઈસ તન ધનકી

ઈસ તન ધનકી કૌન બડાઈ
દેખત નયનો મેં મિટ્ટી મિલાઈ......ઈસ.
હાડ જલે જૈસે લકડી કી મૂલી
બાલ જલે જૈસે ઘાસકી પૂલી.....ઈસ.
અપને ખાતીર મહલ બનાયા
આપ હી જા કર જંગલ સોયા.....ઈસ.
કહત કબીર સૂનો ભાઈ સાધો
આપ મુઆ પીછે ડૂબ ગઈ દુનિયા.....ઈસ.

# હંસલો ચાલ્યો જવાનો એકલો

હંસલો ચાલ્યો જવાનો એકલો રે
સાથે આવશે પુણ્ય અને પાપ.....હંસલો
જેટલો વખત ભજનમાં ગાળીયો રે
તેટલો ચોપડે જમા થાય.....હંસલો
ભાતુ ભકિતનું સાથે લઈ લેજો રે
ત્યાં નથી વાણીયા કેરા હાટ.....હંસલો
સંગ તો સદ્‌ગુણીઆનો સેવીએ રે
એ તો ઉતારે ભવપાર.....હંસલો
સગા વ્હાલા મળ્યા તને સ્વાર્થના રે
બારમાને દહાડે લાડવા ખાય.....હંસલો
માસીયો છમાસીયો જયાં ગાળીઓ રે
વહેંચણી મિલકત કેરી થાય.....હંસલો
ભકતો પાગલ બન્યા છે તારા પ્રેમમાં રે
પાગલ પણામાં ગુણલા ગાય.....હંસલો
પુનિત પ્રભુનું ભજન કીજીએ રે,
તે તો ઉતારે ભવ-જળ પાર.....હંસલો



## જીવડા જપીલે જુગદાધાર

જીવડા જપીલે જુગદાધાર અવતાર છેલ્લો મળ્યો છે.
સુખના પૂરા થયા દિન ચાર દુઃખને દળણે દળ્યો છે.
ચાલ્યું જો બાળપણ ચાલી જુવાની,
વૃદ્ધા આવી તોયે આશા જીવવાની,
પળ તળ રંગે રમાડે રાસ અવતાર છેલ્લો મળ્યો છે.....જીવડા
વગર પૈસાનો તું ઘાચીનો બેલ છે,
ભવો ભવ તારા હૈયામાં મેલ છે,
પૈસા માટે પ્રભુને વેચનાર અવતાર છેલ્લો મળ્યો છે.
પાપો છુપાવવા દાન કરે છે,
માન મેળવવા નાણાં ભરે છે,
ટીલા તાણી જે જગ ઠગનાર અવતાર છેલ્લો મળ્યો છે.....જીવડા
દંભ દર્પણને અભિમાન છોડજો,
નિર્મળ બનીને પ્રેમ પ્રભુમાં જોડજો,
તોડજો વલ્લભ માયાની જાળ અવતાર છેલ્લો મળ્યો છે.....જીવડા

## આ તો પંખીડાનો મેળો

કોઈ આજ જશે કોઈ કાલ, આ તો પંખીડાનો મેળો;
માટે ભજીલો દીન દયાળ, આ તો પંખીડાનો મેળો.
સહુએ ઋણાનુબંધે મળિયા, કોઈ જનમનાં સુકૃત ફળિયાં
સહુ આવ્યા તેવાં જાય.... આ તો.... કોઈ આજ.
માયાનો આ ખેલ છે ખોટો, કાયા પાણીનો પરપોટો
કયારે ફૂટે શું કહેવાય ?.... આ તો.... કોઈ આજ.
સાથે કોઈ આવ્યું ના આવે સહુએ સહુના રસ્તે જાય
જેવા વાદળિયાં વિખરાય..... આ તો.... કોઈ આજ
મળ્યો માનવ જન્મ અમોલો સમજો હરિ ભજનમાં ડોલો,
શંકર અમૃતવાણી ગાય....., આ તો.....કોઈ આજ

# પ્રાણિયા ! ભજીલે ને કિરતાર

પ્રાણિયા ! ભજીલે ને કિરતાર, આ તો સ્વપ્નું છે સંસાર,
ધન દોલત ને માલ ખજાના, પુત્ર અને પરિવાર;
તે તો તજીને તું જઈશ એકલો, ખાઈશ જમનો માર .....પ્રાણીઆ
ઊંચી મેડી ને અજબ ઝરૂખા, ગોખ તણો નહિ પાર,
લક્ષપતિ તો ચાલ્યા ગયા, એનાં બાંધ્યા રહ્યાં ઘરબાર .....પ્રાણીઆ
ઉપર ફૂલડાં ફરફરેને, હેઠળ શ્રીફળ ચાર,
ઠીક કરીને ઠાઠાડીએ બાંધ્યો, પછે વાંસે પડે પોકાર .....પ્રાણીઆ
સેજ-તળાયું વિના સૂતો નહિ, ને કરતાં હુન્નર હજાર;
ખોળી ખોળી તને બાળશે, જેમ લોઢું ગાળે લુહાર .....પ્રાણીઆ
સ્મશાન જઈને ચેહ ખડકીને, માથે છે કષ્ટનો ભાર;
અગ્નિ મેલીને ઊભા રહ્યાં, અને નિશ્ચય ઝરે અંગાર .....પ્રાણીઆ
સ્નાન કરીને ચાલી નીકળ્યાં નર ને વળી નાર,
ભોજો ભગત કહે દશ દિ રોઈને પછી મેલ્યાં વિસાર .....પ્રાણીઆ

※

# જેના મુખમાં રામનું નામ નથી

જેના મુખમાં રામનું નામ નથી, તેનો મનુષ્ય તણો અવતાર નથી.
જેને હરિકીર્તનમાં પ્રેમ નથી, તેને શ્રી હરિ કેરી રહેમ નથી.
જેને સંત સેવામાં તાન નથી, તેને વૈકુંઠમાં વિશ્રામ નથી.
જેને ખરા ખોટાનું ભાન નથી, તેને સમજયા ખરા પણ જ્ઞાન નથી.
જેનો રૂદિયામાં પ્રભુ નામ નથી, તેને સંસારમાં સુખધામ નથી.
જેના ઘરમાં નીતિ ધર્મ નથી, તેના ઘરમાં કશુંય મર્મ નથી.
જેના મુખમાં સીતારામ નથી, તેના અંતરમાં આરામ નથી.
જેના મુખમાં રામનું નામ નથી, તેનો મનુષ્ય તણો અવતાર નથી.

દેહ માહી વિદેહ હૈ સાહેબ સુરતી સરૂપ
અનંત લોકમે રમી રહા જાજે રંગ ન રૂપ

## હરિને ભજતા

હરિને ભજતા હજી કોઈની લાજ જતાં નથી જાણી રે
જેની સુરતા શામળિયા સાથ વદે વેદ વાણી રે.....હરિને
વહાલે ઉગાર્યો પ્રહલાદ હિરણ્યકશ્યપ માર્યો રે
વિભિષણને આપ્યું રાજ રાવણ સંહાર્યો રે......હરિને
વહાલે નરસિંહ મહેતાને હાર હાથો હાથ આપ્યો રે
ધ્રુવને આપ્યું અવિચળ રાજ પોતાનો કરી સ્થાપ્યો રે.....હરિને
વહાલે મીરાં તે બાઈનાં ઝેર હળાહળ પીધાં રે
પાંચાળીનાં પૂર્યાં ચીર પાંડવ કામ કીધાં રે.....હરિને
આવો હરિ ભજવાનો લહાવો ભજન કોઈ કરશે રે
કર જોડી કહે 'પ્રેમળદાસ' ભકતોનાં દુઃખ હરશે રે.....હરિને

## મળવા આવાને સુંદીરવર

વા વાયા ને વાદળ ઉમટયાં રે ગોકુળમાં ટહુકે છે મોર
મળવા આવોને સુંદરવર શામળિયા
હાં રે તમે ગોકુળમાં ના આવો શા માટે
તમે ના આવો તો નંદજીના આણ રે.....મળવા આવો.
તમે વૃજમાં તે વાંસળી વગાડતા હતા,
તમે છો રે જન્મા ચોર રે.....મળવા આવો.
તમે વ્રજમાં તે વાંસળી વગાડતા હતા,
તમે ગોપીઓના ચીતડાના ચોર રે.....મળવા આવો.
તમે નરસિંહ મહેતાના સ્વામી શામળિયા,
તમે વૈકુંઠ વાસ દેનાર રે.....મળવા આવો.

**શીલ પણા સંતો સબળા બુધ્ધી બડા ગુણવંત**
**સબકે પર સમદ્રષ્ટિ હે તાકો કહત હે સંત**

## મારો સાથીડો રીસાણો

મારો સાથીડો રીસાણો એને કોણ મનાવવા જાય;
મને અરધ વચ્ચે લૂંટી, એ તો રિસાઈને જાય.....ટેક
કાયા અમારી કાચની માંહી ઝોલા ખાય;
પિંજરમાંથી પોપટ ઉડયો, પિંજર ઝોલા ખાય.....૧
કાચી માટીના મહેલ બનાયા, જલદી તૂટી જાય;
પરદેશીની પ્રીતડી તો, પલમેં તૂટી જાય.....૨
પંચ વરસકા પિયુ અમારા, એમ કેમ રેન ગુમાય,
સરખી સરખી સાહેલી તો, અવળાં ગીતો ગાય.....૩
કહે કબીરા સુનો ભાઈ સાધુ, હેતે હરિગુણ ગાય,
ચેતન હતા તે ચેતી ગયા ને મૂરખ ગોથાં ખાય.....૪

## સંતો હમે રે વે'વારિયા

સંતો હમે રે, વે'વારિયા શ્રીરામનામના;
વેપારી આવે છે બધા ગામગામના.....સંતો.
અમારું વસાણું સાધુ સહુ કોને ભાવે;
અઢારે વરણ જેને હોરવાને આવે.....સંતો
અમારુ વસાણુ કાળ-દુકાળે ન ખૂટે;
જેને રાજા ન દંડે, જેને ચોર ના લૂટે.....સંતો.
લાખ વિનાના લેખા નહિને પાર વિનાની પૂંજી;
હોરવું હોય તો હોરી લેજો, કસ્તુરી છે સોંઘી.....સંતો.
રામનામ ધન અમારે, વાજે ને ગાજે,
છપ્પન ઉપર ભેર, ભોરિ ભૂંગળ વાજે.....સંતો
આવરીને ખાતાવહીમાં લક્ષ્મીવરનું નામ;
ચિટ્ઠીમાં ચતુરભુજ લેખિયા, નરસૈંયાનું કામ;.....સંતો.

## રાધાકૃષ્ણ વિના બીજું બોલમા

રાધાકૃષ્ણ વિના બીજું બોલમા હાંરે રાધાકૃષ્ણ વિના.....બોલમા.
બોલમા બોલમા બોલમા રે રાધા કૃષ્ણ વિના.....બોલમા.
સાકર શેલડીનો સ્વાદ તજીને,
કડવો તે લીમડો ઘોળમા રે રાધાકૃષ્ણ વિના.....બોલમા.
ચાંદા સૂરજનું તેજ તજીને,
આગિયા સંગાતે પ્રીત જોડમા રે રાધાકૃષ્ણ વિના.....બોલમા
હીરા માણેક જવાહર તજીને,
કથિર સંગાતે મણિ તોલમા રે રાધાકૃષ્ણ વિના.....બોલમા
બાઈ મીરા કહે પ્રભુ ગિરિધરના ગુણ,
માયા સંગાતે પ્રીતે જોડમા રે રાધાકૃષ્ણ વિના.....બોલમા.

## હીરો ખોવાયો મારો વગડામાં

પાંચ પચ્ચીસના ઝઘડામાં હીરો, ખોવાયો મારો વગડામાં (૨)
ગોકુળમાં જઈને નંદરાયને પૂછ્યું
હીરો તો વાસુદેવની ટોપલીમાં-હીરો ખોવાયો મારો વગડામાં
મથુરામાં જઈને વાસુદેવજીને પૂછ્યું
હીરો તો જશોદાના ખોળામાં-હીરો ખોવાયો મારો વગડામાં
ગોકુળમાં જઈને જશોદાને પૂછ્યું
હીરો તો ગોવાળોના ટોળામાં-હીરો ખોવાયો મારો વગડામાં
ગોકુળમાં જઈને ગોવાળોને પૂછ્યું
હીરો તો ગોપીઓની મટકીમાં-હીરો ખોવાયો મારો વગડામાં
વૃન્દાવનની વાટે જઈ ગોપીઓને પૂછ્યું
હીરો તો દ્વારકાના મંદિરમાં-હીરો ખોવાયો મારો વગડામાં
દ્વારકામાં જઈ પૂજારીને પૂછ્યું
હીરો તો ડાકોરના દેરામાં-હીરો ખોવાયો મારો વગડામાં

ડાકોરમાં જઈને બોઢાણાને પૂછ્યું
હીરો તો ભકતોના ભાવોમાં-હીરો ખોવાયો મારો વગડામાં

## આજ વૃન્દાવન આનંદ સાગર

આજ વૃન્દાવન આનંદ સાગર, શામળિયો સંગે રાસ રમે,
નટવર વેષે બંસી બજાવે, ગોપીઓ ને મન ગોવિંદ ગમે.....ટેક
સોળ કળાની શશી શિર ઉપર, ઉડુગણ સહિત વિમાન ભમે;
નીર ગંભીર સ્થિર યમુના તટ, ત્રિવિધ તનના તાપ શમે રે.....૧
ગોપી નીસર્યા નરહરિ જોવાને, નીકળ્યા સોળે શણગાર સજી;
ટોળે ટોળાં ઊભા રહીને, નીરખત નયણા ભરી ભરી.....૨
એક એક ગોપી બીચમા માધવ, કરગ્રહી મંડલી માંહી રમે;
તા થૈ તા થૈ તાન મિલાવે, રાગ રાગણી શમે રે શમે.....૩
હરખ્યાં સુરિનર દેવ મુનિજન, પુષ્પ વૃષ્ટિ કરી ચરણે નમે;
ભણે નરસૈંયો ધન વ્રજ નારી, જેને કાજે જોગી દેહ દમે.....૪

## સમાગમ શું કરું રે

સમાગમ શું કરું રે
અવગુણ છે પોતાની માંય
મચ્છી ગંધ મૂકે નહીં રે
જો અહોનિશ પાનીમેં ન્હાય
પાણી તરે ઉપર પથ્થર રે
ભાઈ અગ્નિ નવ હોલાય,
ભલા રે રામા !.. અગ્નિ નવ હોલાય.....સમાગમ
અઢાર જાતની વનસ્પતિ મેઘ વરસેને લીલી થાય
મેઘ બિચારો શું કરે રે
ભાઈ, જળચર જો સુકાય
ભલા રે રામા ! જળચર જો સુકાય.....સમાગમ

ઝીંગોડો દૂધ પીએ નહીં ને
રુધિર પીવા જાય
અવગુણિયા પર જો ગુણ કરીએ
આંટા લૂણમાં જાય
ભલા રે રામા !...આંટા લૂણમાં જાય.....સમાગમ
છાલાં ગ્રહે જેમ ચારણીને
લોટ જ નીકળી જાય
કહે પ્રીતમ જેનું હૃદય કાણું રે
ભાઈ રામરસ નીકળી જાય
ભલા રે રામા !...રામરસ નીકળી જાય.....સમાગમ

## મારી શેરીએ આવો

મારી શેરીએ આવો શ્યામળિઆ;
વાટલીએ વેરાવું રે ફૂલ પ્રીતમ પાતલિઆ.....ટેક
મેં જુગમેં જોયું શ્યામળિઆ;
નહિ આવે તમારી તોલ પ્રીતમ પાતલિઆ.....૧
ધન ધન ને દેવકીના શ્યામળિઆ;
જાણે જનમ્યા ને અકલ સ્વરૂપ પ્રીતામ પાતલિઆ.....૨
તારું મુખડું સુંદર શામળિઆ;
જાણે શરદ પૂનમનો ચંદ્ર પ્રીતમ પાતલિઆ.....૩
રઘુનાથના સ્વામી શ્યામળિઆ,
વ્હાલો દુઃખડ કેરો જાણ પ્રીતમ પાતલિઆ....૪

જા કારણે જગ ઢુંઢીયા સો તો ઘટ ઘટ માંહિ
પરદા કિયા ભરમ કાં તો તાતો સુઝે નાંહિ

## દેખી દેખી શ્રી રામજીકો રૂપ,

દેખી દેખી શ્રી રામજીકો રૂપ, જનકરાજા મોહી રહ્યા.....ટેક
રાજા પૂછે સુનો ઋષિરાય, એ દૌ બાલક કોના;
કોણ નગરીમેં જન્મ લિયો હૈ, કહો જી કહાઁ કે વાસી.....૧
ઋષિ બોલ્યા સુનો રાજાજી, અયોધ્યા કે વાસી;
રાજા દશરથ ઘર જન્મ લિયો હે, પુરણ બ્રહ્મ અવિનાશી.....૨
દેશ દેશ કે રાજા આયો, ઔર દુનિયા ભૂપાલા;
બ્રહ્મા બૈઠા ને મહાદેવ બેઠા, ધનુષ ઉઠાયો કીન જાય.....૩
જબ રઘુનાથે ધનુષ ઉઠાયો, સભા રહી મુરઝાઈ;
ગોરે ગોરે તનીયા મૃગ લોચનિયા, ઈન પર ડારી વરમાલા....૪
ધન દશરથ ધન કૌશલ્યા મૈયા, જેણે હરિ ગોદ ખેલૈયા,
તુલસીદાસ પ્રભુ રૂપ નિહાળું, જન્મો જન્મ યશ ગાઉ.....૫

## પાપ કિનારે છો તમે,

પાપ કિનારે છો તમે, પુન્ય કિનારો દૂર છે;
છો હજુ સરિતા મહીં, સાગર કિનારો દૂર છે.....પાપ.....ટેક
ભકતો થયા પણ પાપમાં, ડગ એક પાછુ ના ભરો;
તન, ધન, તરુણી, તોરથી, ધર્મ તમારો દૂર છે.....પાપ.....૧
દોડયા કરો દેવળ મહીંને, સ્વાર્થની ભકિત કરો;
હૃદયે પ્રભુ વિશ્વાસ નહિ તો, પ્રભુ સદા દૂર છે.....પાપ.....૨
નીર ઊંડા-ખડક ઊંચા, સ્નેહનું તોફાન છે;
નાનું આત્મ નૌકા ડોલે, સામો કિનારો દૂર છે.....પાપ.....૩
અધવચ અધૂરા ત્યાં ડૂબ્યા, જ્ઞાની ડૂબ્યા કાંઠા ઉપર;
કેમ સાગર એ તરાશે, બ્રહ્મ કિનારો દૂર છે.....પાપ....૪

**કબીરા ય્રાહ તન જાત હૈ હો સકે તો ઠોસ લગાવ**
**કાલ સેવા સત સાહેબ કી ઓર ગુરુ કે ગુન ગાવ.**

## આપણું ધાર્યું કાંઈ નવ થાય

આપણું ધાર્યું કાંઈ નવ થાય, પ્રભુનું ધાર્યું આગળ થાય
એવી છે કુદરતની કળા અણધાર્યું તે આગળ થાય.
રાજા દશરથ એના મનમાં વિચારે,
વહેલી સવારે રામને ગાદીએ બેસાડુ
વહેલી સવારે રામ વનવાસ જાય.....અણધાર્યું તે
રાજા રાવણ અતિ મહા બળિયો,
સીતા માતાનું હરણ કરી ગયો;
સોનેરી લંકામાં લાગી છે લાય......અણધાર્યું તે.
અર્જુન નંદન યુદ્ધે ચઢયો,
સાતે કોઠાં મારે જીતી લેવાં છે;
સાતમે કોઠે વ્હાલો રણમાં રોળાય.....અણધાર્યું તે.
સદ્‌ગુરુ કબીરજી સ્વર્ગ સીધાવે
હિંદુ મુસ્લિમ ઝઘડો ચલાવે;
ચાદર ખસેડતાં ફુલડાં વેરાય.....અણધાર્યું તે.

## મારે આજ રે આનંદનો દિન છે

મારે આજ રે આનંદનો દિન છે જો;
હરિની ભકિત કરે તેને ધન્ય છે જો.....ટેક
જેણે પ્રહલાદની રક્ષા બહુ કરી જો;
વિકરાળ નૃસિંહ દેહ ધરી જો.....૧
વિષ વાર્યાં તે મીરાંબાઈના જો;
પત રાખી તે સેના નાયી જો.....૨
નરસૈંય મહેતાનો હાર આણી આપ્યો જો;
ધ્રુવને અવિચલ સ્થાપ્યો જો.....૩
જેણે નામદેવનું છાપરું છાયું છે જો;
સુદામાની નાર સુખ પાય છે જો.....૪

નરભેરામના સ્વામીની સાથમાં જો;
અમે રહીએ હરિના હાથમાં જો.....૫

## અમે કાનુડો કહેશું ?

કાનજી તારી મા કહેશે પણ, અમે કાનુડો કહેશું રે
એટલું કહેતાં નહિ માનો તો, ગોકુળ મેલી દઈશું રે
માખણ ખાતા ન આવડે કાનજી મુખ થયું તારું એઠું રે
ગોપીઓએ તારું ઘર ઘેરાણું, જઈ ખુણામાં પેઠું........કાનજી
ઝાલણી પેરતાં ન આવડે કાનજી, અમે તુને પેરાવતાં રે (૨)
ભરવાડોની ગાળો ખાતો, તે દી અમે છોડાવતાં રે........કાનજી
કાલો ઘેલો તારી માતપિતાનો, અમને તેનાં કોડ રે
કર્મ સંજોગે આવી ભરાણાં, આંગણાં જોડાજોડ રે........કાનજી
ઘૂંટણિયા ભર હાલતો ચાલતો, બોલતો કાલું ઘેલું રે (૨)
ભલે મળ્યા મહેતા નરસીંના સ્વામી, પ્રેમ ભકિતમાં રેલું........કાનજી

## કોઈ કોઈનું નથી રે

કોઈ કોઈનું નથી રે, કોઈ કોઈનું નથી રે...
નાહકમાં બધા મરે મથી મથી રે.....કોઈ
મનથી માનેલાં કે આ બધાં મારાં
માની લે જીવડા, ન મારાં કે તારાં;
સ્વાર્થ વિના પ્રીતિ કોઈ કરતું નથી રે.....કોઈ
આ મારો દીકરો, આ મારો તાત છે,
આ મારી ઘરવાળી આ મારી માત છે;
મૂઆ પછવાડે કોઈ મરતું નથી રે.....કોઈ
કંઈક ગયા ને કંઈક છે જવાના
ના કોઈ રહ્યા, ના કોઈ રહેવાના,
સમાચાર એના કોઈ પૂછતું નથી રે.....કોઈ

પરમ કૃપાળુએ જનમ દીધો છે,
પાળી પોસીને મોટોં કીધો છે
તારા હૈયે નામ એનું વસતું નથી રે......કોઈ

❊

## ભિખારી આંગણે આવ્યો

(રાગ : ગઝલ)

ભિખારી આંગણે આવ્યો, ગુરુજી દ્વાર ખોલોને
તમારું નામ પુકારું, કૃપા કરી આજ બોલોને.....ભિખારી
ન માગું રાજ, વૈભવ ને ન આવ્યો લક્ષ્મી લેવાને
સુદામો આંગણે ઊભો, તલસતો નાથ દર્શનનો......ભિખારી
જરા દર્શન દઈ જાઓ, પ્રભુ તેમાં જવાનું શું?
દયાના દાન દેશો તો પ્રભુ ઓછું થવાનું શું.....ભિખારી
તમે દીલના દીલાવર છો, દયાને પ્રેમના સિંધુ
તમારું પ્રેમ બિન્દુ તો, જીવન સોભાગ્યનો ઈન્દુ.....ભિખારી
દયામય આપની દષ્ટિ, જગત કલ્યાણ કરનારી
પ્રભુ મીઠી નજર નાખીને મને અપનાવે ગિરધારી.....ભિખારી
તમે બ્રહ્માનંદના સ્વામી, પ્રભુ વલ્લભ પતિત પાવન.
દયા કરી દાસને આપો, તમારું પ્રેમભર્યું દર્શન.....ભીખારી

❊

જયોં તિલ માંહી તેલ હૈ, જયોં ચકમકમેં આગ;
તેરા સાંઇ તુઝ હિ મેં, જાગ સકે તો જાગ.

# રામ રટણ નવ કીધું રે

રામ રટણ નવ કીધું રે.....મનવા
પ્રેમ સુધારસ ના પીધો
નવ દસ મહિના ગર્ભમાં રહીને
ભજન કરવાનું કબૂલ કરીને
અવનિમાં અવતાર લીધો રે.....મનવા.....પ્રેમ સુધારસ
વચન આપીને તું તો બહાર આવ્યો
માતપિતાએ ખૂબ લાડ લડાવ્યો,
વૃથા જન્મ તે લીધો રે.....મનવા.....પ્રેમ સુધારસ
બાળપણમાં તું તો હસતો ને રમતો
જુવાનીમાં ખૂબ સહેલાય કરતો
પ્રભુથી જરાનવ ડરતો રે.....મનવા.....પ્રેમ સુધારસ
વૃધ્ધપણામાં તારું મોત જ આવ્યું,
ત્યારે પાપી તારું કંઈ નવ ચાલ્યું,
પહેલા વિચાર નવ કીધો રે.....મનવા.....પ્રેમ સુધારસ
જમડા રે તને માર જ મારે,
ત્યારે પાપી તું પ્રભુ પોકારે
ધર્મે દંડ તને રે દીધો રે.....મનવા.....પ્રેમ સુધારસ
દાસ સીતારની શીખ જ ધરજો
પ્રેમેઅ પ્રભુનું ભજન કરજો,
રસ્તો બતાવ્યો તેં તો સીધો રે .....મનવા.....પ્રેમ સુધારસ

ગુરુ સેવા જન બન્દગી, હરિ સુમિરણ બૈરાગ;
યે ચારોં તબ હી મિલે, પૂરણ હોતે ભાગ.

## રામ રસ ઐસા હૈ

રામ રસ ઐસા હે મેરા ભાઈ,
જે કોઈ પીવે અમર હો જાઈ.....ટેક
મીઠા મીઠા સબ કોઈ પીવે, કડવા ન પીવે કોઈ,
કડવા કડવા જે કોઈ પીવે, સબસે મીઠા હોઈ.....૧
ઊંચા ઊંચા સબ કોઈ ચાલે, નીચા ન ચાલે કોઈ,
નીચા નીચા જે કોઈ ચાલે, સબસે ઊંચા હોઈ.....૨
ધ્રુવે પીયા, પ્રહલાદે પીંયા, ઓર પીયા રોહીદાસ,
દાસ કબીરજીને ભર ભર પીયા, ઓર પીવનકી આશ.....૩

## મને કાનજી જોયાના કોડ

મને કાનજી જોયાના કોડ, સૈયર ચાલોની મને કાનજી જોયાના કોડ......ટેક
દહેરે દહેરે દીવા કરું, હું પુજું શંકર શિવ;
શ્યામળિયા વર પામવા; હું કરું શંભુની સેવ.....૧
ચંદનભરી તલાવડી રે, મોતીએ બાંધી પાળ;
કાનજી ધુએ રૂડાં ધોતિયા રે, રાધા પાણી લઈને હાર.....૨
સાસુ અમારી જશોમતિ, સસરા શ્રી નંદલાલ;
કંથ કોડીલો કાનજી રે, મારું સાસરું ગોકુળ ગામ.....૩
ગાય શીખે ને સાંભળે રે, હરિ રાધાનો રાસ;
તે નર વૈંકુઠ પામશે રે, ગુણ ગાયે નરસૈંયો દાસ.....૪



# તું રંગાઈ જાને રંગમાં

તું રંગાઈ જાને રંગમાં (૨)
સીતારામ તણા સતસંગમાં
રાધેશ્યામ તણા તું રંગમાં.....તું રંગાઈ જાને રંગમાં (૨)

આજે ભજશું કાલે ભજશું
ભજશું સીતારામ, કયારે ભજશું રાધેશ્યામ
શ્વાસ છૂટશે નાડી તૂટશે (૨)
પ્રાણ નહિ રહે તારા અંગમાં.....તું રંગાઈ જાને રંગમાં (૨)
.....સીતારામ તણા.....
.....રાધેશ્યામ તણા.....તું રંગાઈ....

જીવ જાણતો ઝાઝું જીવશું
મારું છે આ તમામ, પહેલા અમર કરી લઉ નામ (૨)
તેડું આવશે જમનું જાણજે (૨)
જાવું પડશે સંગમાં.....તું રંગાઈ જાને રંગમાં (૨)
.....સીતારામ તણા.....
.....રાધેશ્યામ તણા.....તું રંગાઈ....
.....સીતારામ તણા.....
.....રાધેશ્યામ તણા.....તું રંગાઈ....

સૌ જીવ કહેતાં પછી જપીશું
પહેલા મેળવી લ્યોને દામ, રહેવાનાં કરી લ્યો ઠામ (૨)
પ્રભુ પડયો છે એમ કયાં રસ્તામાં
સૌ જન કહેતાં રંગમાં.....તું રંગાઈ જાને રંગમાં (૨)
.....સીતારામ તણા.....
.....રાધેશ્યામ તણા.....તું રંગાઈ....

ઘડપણ આવશે કયારે ભજીશું;
પહેલાં ઘરનાં કામ તમામ; પછી ફરીશું તીર્થધામ (૨)
આતમ એક દિ ઊડી જાશે (૨)
તારું શરીર રહેશે પલંગમાં.....તું રંગાઈ જાને રંગમાં (૨)
.....સીતારામ તણા.....
.....રાધેશ્યામ તણા.....તું રંગાઈ....

બત્રીસ ભાતનાં ભોજન જમતાં;
ભેળી કરીને વામ; એમાં કયાંથી સાંભળે રામ (૨)
દાન પુણ્યથી દૂર રહ્યો તું (૨)
ફોગટ ફરે છે ઘમંડમાં.....તું રંગાઈ જાને રંગમાં (૨)
.....સીતારામ તણા.....
.....રાધેશ્યામ તણા.....તું રંગાઈ....

રંગ રાગમાં કયારે રટાશે
રહી જાશે આમને આમ; માટે ઓળખને આતમરામ (૨)
બાબા-આનંદ હરિ આમ અખંડ છે (૨)
ભજ તું શિવની સંગમાં.....તું રંગાઈ જાને રંગમાં (૨)
.....સીતારામ તણા.....
.....રાધેશ્યામ તણા.....તું રંગાઈ....

**કસ્તુરી કુંડલ બસે, મૃગ ઢૂંઢે બન માંહી;**
**ઐસે ઘટ ઘટ રામ હૈ, દુનિયા દેખે નાંહી.**

## લેતા હરિનું નામ

જિંદગીમાં કેટલું કમાણા રે જરા સરવાળો માંડજો
સજ્જન સમજુ ને શાણારે જરા સરવાળો માંડજો
મોટર વસાવી તમે બંગલા બનાવ્યા (૨)
ખૂબ કર્યા નાણાં એકઠા રે..... જરા......
ઉગ્યાથી આથમતા ધંધાની ઝંખના (૨)
થાપ્યા આમ તેમ પાણા રે..... જરા......
ડાહ્યા થયા ને તમે પૂછાણા પાંચમાં (૨)
મોટા થઈને મનાણા રે..... જરા......
ખાધું પીધું ને તમે મોજ ખૂબ માણી (૨)
તૃષ્ણાના પૂરમાં તણાયા રે..... જરા......
લાવ્યા'તા કેટલું ને લઈ જવાના કેટલું (૨)
આખર તો લાકડાને છાણા રે..... જરા......
ગોવિંદના નાથને જાણ્યા ન જેણે (૨)
સરવાળે મીંડા મંડાણા રે..... જરા......



સુભ ઔર અસુભ પૂરબલે, રતી ઘટૈ ન બઢે।
હોનહાર હોવૈ પુનિ સોઈ, ચિન્તા કાહે કરૈ।
સાધુન સેવા કર મન મેરે, કોટિન બ્યાધિ હરૈ।
કહત કબીર સુનો ભાઈ સાધો, સહજ મેં જીવ તરૈ ॥

## મન તું શંકર ભજી લે મન તું

મન તું શંકર ભજી લે મન તું શંકર ભજી
છોડ દે કપટ ભોળાનથ ને ભજી લે.....મન.....
કોઈ ચઢાવે ગંગા જમના કોઈ ચઢાવે દૂધ
કોઈ ચઢાવે બીલીપત્ર કોઈ ચઢાવે ભભૂત.....મન.....
જનતા ચઢાવે ગંગા જમના રાજા ચઢાવે દૂધ
બ્રાહ્મણ ચઢાવે બીલીપત્ર યોગી ચઠાવે ભભૂત.....મન.....
કોઈ માંગે અન્નને ધન કોઈ માંગે પુત્ર
કોઈ માંગે કંચન કાયા કોઈ માંગે રૂપ.....મન.....
ગરીબ માંગે અન્નને ધન વાંઝીયા માંગે પુત્ર
રાજા માંગે કંચન કાયા ગણિકા માંગે રૂપ.....મન.....
આંકડો ધંતૂરો, વિન્યા ભાજી પિરસે પાર્વતી
પ્રસન્ન થાયે ભોળાદેવી સેવક થાયે રાજી.....મન.....

## શામળા સુકાની થઈને સંભાળ

શામળા સુકાની થઈને સંભાળ નૈયાં ભર દરિયે ડોલતી
સાચો કિનારો કંઈક બતાવ તું છે જીવનનો સારથિ
જીવન નૈયા ભવસાગરમાં ડોલતી આફતની ઉરમાં અંધારે ઝૂલતી
વાગે માયાનાં મોજાં અપાર હાંકુ છું તારા આધારથી.....શામળા
વૈભવના વાયરા દિશા ભૂલાવતા
આશાનાં આભલા મનને ઝુલાવતાં
તોફાન મચ્યું છે દરિયા મોજાર હોડી હલકારા મારતી.....શામળા
ઊંચે છે આભ અને નીચે છે ધરતી
જાણ્યો છે મેં એક સાચો તું સારથિ
દોરી જુકિતથી ઝાલી એકવાર જપું છું તારા જ નામને.....શામળા
તોફાની દરિયામાં નૌકાને તારજો
છેલ્લી અમારી વિનંતી સ્વીકારજો
રણછોડ દર્શન દેજો રે એકવાર ઝુરું તારા વિયોગથી.....શામળા

# મેં તો કારેલામાં કૃષ્ણ જોયા રે

મેં તો કારેલામાં કૃષ્ણ જોયા રે......... પ્રદીપમાં દીવો બળે રે
પાપડીમાં પ્રિતમ, વાલોળમાં વલ્લભ
મેં તો બટાકામાં બટુક જોયારે......... પ્રદીપમાં દીવો બળે રે
તુરિયામાં ત્રિકમને, ગલકામાં ગોવિંદ
વટાણામાં વ્હાલમ જોયા રે......... પ્રદીપમાં દીવો બળે રે
કોબીમાં કાનજીને કંટોલામાં કાળિયો
ભાજીમાં ભૂધર જોયા રે......... પ્રદીપમાં દીવો બળે રે
ફલાવરમાં ફણીધરને, વેંગણમાં વામન
ગુવારશીંગમાં ગીરધર જોયા રે......... પ્રદીપમાં દીવો બળે રે
ટામેટામાં તારણહારને, ચીભડામાં ચિત્તચોર
પેલી જામફળીમાં મોરલીવાલો રે......... પ્રદીપમાં દીવો બળે રે
કાંદામાં કીરતારને, લસણમાં લટકાળો રે
મોગરીમાં મોરારી જોયા રે......... પ્રદીપમાં દીવો બળે રે
ચોળીમાં ચત્રભુજને, તુવેરમાં ત્રીભુવન
મેં તો કાકડીમાં કાનુડો જોયો રે......... પ્રદીપમાં દીવો બળે રે
શક્કરીયામાં સાંવરીયોને, ગાજરમાં ગીરધર
રતાળુમાં રણછોડ જોયા રે......... પ્રદીપમાં દીવો બળે રે
ભીંડામાં ભમતાને રવૈયામાં રમતા
મેં તો ગોપી મંડળમાં ફરતા જોયા......... પ્રદીપમાં દીવો બળે રે
મરચામાં મોહન, લીમડામાં લાલો
મેં તો આદુમાં અલબેલો જોયા રે......... પ્રદીપમાં દીવો બળે રે
પરવરમાં પેઠાને, બીયામાં બેઠા
પેલી તુંબડીએ તારી દીધા રે, ......... પ્રદીપમાં દીવો બળે રે

**કબીરા ગર્વ ન કીજીએ ઊંચા દેખ આવાસ**
**કાળ પરો ભુંઇ લુંટના ઉપર જમ સી ઘાસ.**

## ભાડુતી બંગલો

આ બંગલાનો બાંધનાર કેવો મારો ભાઈ
આ ભાડૂતી બંગલો કોણે રે બનાવ્યો......
લોઢું નથી રે એમાં લાકડું રે નથી (૨)
નથી ખીલો કે નથી ચૂક મારા ભાઈ.....આ ભાડૂતી
ઈંટો નથી રે એમાં ચૂનો રે નથી (૨)
નથી સિમેન્ટ નથી રેતી મારા ભાઈ.....આ ભાડૂતી
આ રે બંગલાને દસ દરવાજા (૨)
નવસો નવ્વાણું નાડી મારા ભાઈ.....આ ભાડૂતી
કડીઆ કારીગરની કારીગીરી કેવી
પાણીથી બાંધી હવેલી મારા ભાઈ.....આ ભાડૂતી
બંગલો બાંધીને માંહે જીવ રે પધરાવીઓ (૨)
નથી લેતા રે કાંઈ ભાડુ મારા ભાઈ.....આ ભાડૂતી
નટવર શેઠની નથી રે ઉઘરાણી (૨)
ન નામે ચોપડે લખાણી મારા ભાઈ.....આ ભાડૂતી

## કોઈ નથી કોઈ (રાગઃ ચાંદી કી દિવાર ના તોડા)

કોઈ નથી કોઈ તારુ જીવડાં દિલમાં લેજે વિચારી રે
સમજી લેજે મનમાં તું કંઈ જૂઠી દુનિયાદારી રે.....કોઈ નથી.
મારા મારા એમ કહે છે માયા માં અટવાય રે
કાયા માયા જૂઠી છે આ જોને તું જરાં જાગી રે.....કોઈ નથી.
ભાન ભુલી કેમ ફરે છે હરિનામ વિસારી રે
માનવતાને કેમ ભુલે છે યમ કેરી તૈયારી રે.....કોઈ નથી.
હરિને ભજતા જો ભુલે છે યમ કેરી તૈયારી રે
લેણા દેણી પતી જાય છે બચવાની નહી બારી રે.....કોઈ નથી.
બેલી આઓ શ્રી હરિ છે ભાગ્યની હોય બલીહારી રે
ભકતોના હૃદયે રહે છે દેવ ક્રીષ્ણ મોરારી રે.....કોઈ નથી.

## કીડી બાઈની જાન

કીડી બિચારી કીડલીને કીડીનાં લગનીઆ લેવાઈ રે
હાલોને કીડી બાઈની જાનમાં
પંખી પારવાડાંને નોતરીઆ કીડી કરે સન્માન;
ઘુવડે ગાયાં રૂડાં ગીતડાં, પોપટ પીરસે પકવાન રે.....હાલોને કીડી
મંકોડો હાલ્યો માંડવે, એવાં માનવોને જોઈ રે,
પંડે રૂડોને પાતળો, ગોળ ઉપડયો ન જાય રે.....હાલોને કીડી
લીલી બાને મોકલ્યાં ગામમાં, એવાં નોતરવાને ગામ,
સામા મળ્યાં બે કૂતરાંને બીલાડીનાં કરડી ગયાં કાન.....હાલોને કીડી
ઘોડે બાંધ્યા પગ ઘુઘરાં, કાંચીડે બાંધી કિરતાર રે,
ઊંટે બાંધ્યાં ઘર પોટલાં રે, ગધેડો ફૂંકે રે શરણાઈ.....હાલોને કીડી
ઉંદરમામા રે હાલ્યા જાનમાં, બેઠાં દરિયાની પાળ રે
દેડકો બેઠો ડગમગ રે, ઈર્ષા કરે રે અપાર.....હાલોને કીડી
વાંદરો ચઢી ગયો વાંસડે, જોવાં જાનની વાટ રે,
હાલ તો જાનને મોકલી લેવાં સર્વેનાં પ્રીત.....હાલોને કીડી
કયી કીડી કોની જાન છે રે, સંતો કરજો વિચાર રે,
ભોજા ભગતની વિનંતી, ચતુર સમજો રે સુ જાણ રે.....હાલોને કીડી

## ગોકુલમાં એક નંદજીનું ધામ,-૧

ગોકુલમાં એક નંદજીનું ધામ, ત્યાંથી પ્રગટયા શ્રી સુંદીર શ્યામ;
કરવા સેવક જનના કામ, તો ધન્ય જશોદા માવડી રે.....ટેક
અંધારી આઠમ અજવાળી, તે દિન પ્રગટયા શ્રી વનમાલી;
મંગલ ગાએ સૌ વ્રજની નારી, તો ધન્ય જશોદા માવડી રે.....૧
તરીયાં તોરણ બાંધ્યા છે દ્વાર, સાથિયા શોભાતણો નહિ પાર;
દધી છાંટે સૌ નરને નાર, તો ધન્ય જશોદા માવડી રે.....૨
વેદ કહે છે પુરણ બ્રહ્મ, જાણે નહિ કોઈ એનો મર્મ;
શાં શાં નંદે કીધાં શુભ કર્મ, તો ધન્ય જશોદા માવડી રે.....૩

વ્રજમેં ન્યાલ કીધાં તે કહીએ, એના ભાગ્યનો પાર ન લઈએ
હૃદયમાં રાખ્યા નંદને છૈયે, તો ધન્ય જશોદા માવડી રે.....૪
ભજની ભૂપ નિત બહુ જાગે, ભકિત કૃષ્ણ વિના સહુ ત્યાગે
વ્રજભૂમિ અતિ સુંદર લાગે, તો ધન્ય જશોદા માવડી રે.....૫
જાચક આવી જનમ જશ ગાએ, નંદ વધાવીને ન્યાલ જ થાય;
એના આપ્યાં મુખથી ના કહેવાએ, તો ધન્ય જશોદા માવડી રે.....૬
દુદુંભિ દેવતણાં બહુ વાગે, પશુ પંખી પાવલીએ લાગે;
ભકિત ભાવ સદા મુખ માગે, તો ધન્ય જશોદા માવડી રે.....૭
દિન પુંઠે દિન હર્ષમાં જાય, વ્રજમાં બાલ લીલા નિત્ય થાય;
વલ્લભ વેદ પુરાણે ગવાય, તો ધન્ય જશોદા માવડી રે.....૮

## ગોકુલમાં એક નંદજીનું ધામ-૨

ગોકુલમાં એક નંદજીનું ધામ, ત્યાં પ્રગટયા શ્રી સુંદીર શ્યામ;
કરવા સેવકજનના કામ, તો ધન્ય જશોદા માવડી રે.....ટેક
ભૂતલ ભાર થયો અતિ ભારી, ત્યારે હરિએ મનુષા દેહ ધારી;
કંસાસુરને મારવા નાંખી, તો ધન્ય જશોદા માવડી રે.....૧
તેત્રીશ કરોડ દર્શને આવે, તનમન સહિત બહુ ભેટ લાવે;
માનુની નિશદિન મંગલ ગાવે, તો ધન્ય જશોદા માવડી રે.....૨
શિવજી કહે છે સુણો મોરી માય, માતજી અમને આપો વધાઈ
જાચકજન સહુ આવ્યા ધાઈ, તો ધન્ય જશોદા માવડી રે.....૩
માણેક મોતીને હીરા ઝવેર, નંદજીને દ્વારે લીલા લહેર;
દાન આપે નિત નવનિધ ધરે, તો ધન્ય જશોદા માવડી રે.....૪
નાનાવિધના વાજીંત્ર વાગે, પારણે પોઢયા હરિ ભકતને કાજે;
ટોપી ઉપર કોટિ સુરજ બિરાજે, તો ધન્ય જશોદા માવડી રે.....૫
કમલનયન હરિની જયોત અપાર, ઉર લ્હેકે મોતીનો હાર;
કેડે કંદોરો ને સાંકળી સારા, તો ધન્ય જશોદા માવડી રે.....૬

સુંદર સરિતા જમુનાના નીર ત્યાં રમે હરિ બલિભદ્ર વીર;
ગુણવંતા ગુણના ગંભીર, તો ધન્ય જશોદા માવડી રે.....૭
દર્શન કરે તેના ભવદુઃખ ટળે, મોતીએ વધાવે તેને રૂપ નિહાળે;
જશુમતિ સુતના ચરણ પખાળે, તો ધન્ય જશોદા માવડી રે.....૮

## ગંગા જમનાના નીર મંગાવો

ગંગા જમનાના નીર મંગાવો, વર વનમાલીને ઉઘલાવો;
કેસરીઆ વાઘા ને સોળે શણગારો, તો વરઘોડે વર શોભતો રે.....૧
પાઘડીએ સોના સેર બંધાવો, ફૂમતડાં કેડે લટકાવો;
બંધુવર ને ધૂપ ઢોળાવો, તો વરઘોડે વર શોભતો રે......૨
શ્રીફલ ફોફળ લીધાં છે હાથ, મોડ બાંધી જશોદા માત;
વામન દીવડો ગ્રહ્યો છે હાથ, વરઘોડે વર શોભતો રે.....૩
ગોકુલમાં સહુ જોવાને મળ્યા, રૂપ દેખી સહુનું ચિત્તડું ચઢયું;
વલ્લભનું મન આનંદમાં મળ્યું, વરઘોડે વર શોભતો રે.....૪

## રાધાજી ઘણું હરખ્યાં મન

રાધાજી ઘણું હરખ્યાં મન, આજ અમારો અવતાર છે ધન્ય,
પ્રગટયું પૂર્વજન્મનું પુન્ય, તો પુરણ બ્રહ્મને પરણીએ રે.....ટેક
મારા મનમાં હતી એક વાત, તમે જાણી જદુનાથ;
જન્મો જનમ તમારી સાથ, તો પુરણ બ્રહ્મને પરણીએ.....૧
અંતરીક્ષથી બહુ વાજાં વાગે, જાણે ગગનમાં મેહુલીઓ ગાજે,
દેવતા આવ્યા વધાવવાને કાજે, તો પુરણ બ્રહ્મને પરણીએ.....૨
સૌ સાજન મળી બેઠાં છે ટોળે, નંદ જશોદાએ લીધાં છે ખોળે;
વલ્લભ ઊભા વાવ જ ઢોળે, તો પુરણ બ્રહ્મને પરણીએ.....૩



# પાલવડો મારો મેલો મોહનજી,

પદ

પાલવડો મારો મેલો મોહનજી, મારગડે મને જાવા દો;
આવતાં આપીશ દાણ તમારું, મહી મારું વેચવા દો.....૧
વેચતાં તને કોણ ખાળે છે, સાંભળને રાધે પ્યારી,
મહી ગોરસનું દાણ જ દેની, વેહેલીથા ને બ્રીજનારી.....૨
નારી કહીને ના બોલાવીશ, છાનો રહેને છોગાળા;
કઠણ રાજ છે કંસ રાયનું ગૌ ચારંતા ગોવાળા.....૩
હું ગોવાળિઓ તું ગોવાળણી, ફરી ગમે તો આવજે;
કંસ સરીખા સો એક માતા, સાથે તેડી લાવજે......૪
તેડી લાવું દો મને જાવા, રોકી રહ્યા બ્રીજનારી;
રઘુનાથના સ્વામી શામળિયા, ઘેલા દીસો ગીરધારી.....૫
ઘેલો છું પણ દાણ ન મૂકું, દોકલડો એક ઓછો;
ગીરધારીએ ગોકુલ વાસ્યું, ઈન્દ્ર કરતાં કૃષ્ણ મોટો.....૬
મોટો છું ત્યારે મથુરા મૂકી, અડધી રાતે શું આવ્યો;
પરઘેર રહીને પેટ ભરંતો, તને દાણી કોણે કહાવ્યો.....૭
વાકું બોલી વાર કરે છે, કહે તો હૈયાનો હાર તોડું;
દાણ દધીનું દે રે અબળા, નહીં માથાનું માટ ફોડું.....૮
હાર નહીં તૂટે માટ ન ફૂટે, નવા નગરમાં પૂછાશે;
રઘુનાથના સ્વામી શામળિયા, કહો ગોકુલ કેમ રહેવાશે.....૯
ગોકુલ રહો કે જાઓ અત્યારે, દધીનું નહીં મેલું;
ચીર હર્યાં તે ગયા વીસરી, કનડીયા કારણ પેલું.....૧૦
નંદ તણે ઘેર નવલખ ગાયો, નોતું તે ધન ફાવ્યું છે;
માતા તારી મહી વેચંતી, હમણાં રાજ આવ્યું છે.....૧૧
હમણાં હમણાં કરતી રહેજે, મહેણાં દેતી મહીયારી;
ધુતપણામાં છે ધુતારી, ઠગપણામાં છે ઠગારી.....૧૨

તું ઠગારો તારી માનો પાળેલો, તારી માને મહેણા દેવરાવે;
રઘુનાથના સ્વામી શામળિયા, ઝાઝું તે શું કહેવરાવે.....૧૩
કહ્યા પ્રમાણે કહેતો નથી, તું મોઢું નથી રાખતી;
અમો છીએ રાજા મહારાજા, અમને નથી ઓળખતી.....૧૪
ઓળખું છું આવ્યો નાશી, મહાવનમાં તું છાનો છે;
જાદવકુળ મધ્યે જન્મ છે તારો, નંદ તણે ઘેર નાનો છે.....૧૫
માતા જશોદા મોટાં બડભાગી; તેના અમો છીએ અધિકારી;
મોટા મુનિવર મર્મ ન જાણે, ગોકુલવસીએ ગૌચારી.....૧૬
ગૌચારી ગોપી ઘેર વળતાં, અમને તે તમે ઉદ્ધાર્યા;
રઘુનાથના સ્વામી શામળિયા, તમે જીત્યાં અમે હાર્યા.....૧૭

## નંદ ઘેર આનંદ થાય, ગોકુળમાં

અવિનાશીએ અવતાર લીધો,
માતાનું મન હરખાય.....ગોકુળમાં નંદ ઘેર.
શ્રાવણ વદ મધ્યઆઠમની રાતે,
મંદ મંદ વાયુ લ્હેરાય.....ગોકુળમાં નંદ ઘેર.
નંદના લાલને મોતીડે વધાવ્યા,
ઝળહળ આરતી થાય.....ગોકુળમાં નંદ ઘેર.
ગાંડા ને ઘેલા ગોવાળિયાઓ,
નાચે કૂદે ને ગાય.....ગોકુળમાં નંદ ઘેર.
શણગાર સજી ગોપીઓ આવે,
લઈને પૂજાનો થાળ.....ગોકુળમાં નંદ ઘેર.
કંકુ કેસરના સાથિયા પુરાયા,
ઘેર ઘેર તોરણ બંધાય.....ગોકુળમાં નંદ ઘેર.
ગાયો નાચે ગોવાળિયા નાચે,
ગોરસના છાંટણા થાય.....ગોકુળમાં નંદ ઘેર.

હીરા માણેકના દાનો અપાયા

વિપ્રોને ગાયો અપાય.....ગોકુળમાં નંદ ઘેર.

ઘોડે બેસીને જુવાનો ચાલ્યા

ઘરડાંઓ પાલખીમાંય.....ગોકુળમાં નંદ ઘેર.

ચાંદો સૂરજ ને નવલખ તારલાં,

દર્શન કરી હરખાય.....ગોકુળમાં નંદ ઘેર.

સનકાદિક બ્રહ્મા નારદ, શંકર,

સ્વર્ગમાં પુલકિત થાય.....ગોકુળમાં નંદ ઘેર.

શિવરામ કહે છે ધર્મ પ્રસારવા,

પ્રભુનો અવતાર થાય.....ગોકુળમાં નંદ ઘેર.

## ૐ ધન્ય એકાદશી ૐ

ધન્ય એકાદશી, એકાદશી કરીએ તો વૈકુંઠ પામીએ,
મારે એકાદશીનું વ્રત કરવું છે,
મારે ધ્યાન હરિનું દારવું છે.
મારે વૈકુંઠમાં જઈને વસવું છે.....ધન્ય.
મારે એકાદશીનું વ્રત કરવું છે.
એ તો પ્રાણ જીવનને પ્યારું છે.
એ તો વૈકુંઠે લઈ જનારું છે.....ધન્ય.
મારે ગંગા ઘાટે જાવું છે.
મારે જમુના જળમાં નહાવું છે.
મારે ભવસાગર તરી જાવું છે.....ધન્ય.
મારે ઈન્દ્રિયો વશમાં કરવી છે.
મારે મનમાં સ્થિરતા ધરવી છે.
મારે ચિત્ત શુદ્ધિ લાવવી છે.....ધન્ય.
મારે સમયે શરીરને કરવું છે.
ઉપવાસે પ્રભુ સંગ વસવું છે.
પરમાર્થ માંહી વસવું છે.....ધન્ય.

મારે પઢંરપુરમાં જાવું છે.
મારે ચંદ્રભાગામાં નહાવું છે.
મારે વિઠ્ઠલરાય નીરખવા છે.....ધન્ય.
મારે દ્વારિકાપુરીમાં જાવું છે.
મારે ગોમતીજીમાં નહાવું છે.
મારે રણછોડરાય નીરખવા છે.....ધન્ય.
જે કોઈ બારમાસ કરે એકાદશી.
તેના અંતરમાં વસે અવિનાશી.
નહિ સમજે તે જશે હાથ ઘસી.....ધન્ય.
જેણે એકાદશીનાં વ્રત કીધાં છે.
તેના પાંચ પદારથ સીધા છે.
તેને પ્રભુએ પોતાના કરી લીધાં છે.....ધન્ય.

## ગાફેલ મત રહેના બેટા

ગાફેલ મત રહેના બેટા, શિર પર જમ મારે સોટા.....ટેક
લક્ષ ચોર્યાશી ગીર કે માને, અબ ચેત નર તન પાયા;
દો દિન ગયે સટર પટરમેં, ફિર ચોર્યાશી આયા.....૧
ચાર પહેરકા લેના દેના, ચાર પહેર નીંદ કાટા;
અષ્ટ પહોર તો ગયે ઘૂઁસડ કર, આયા મુદલમેં તોટા.....૨
કોડી કોડી માયા જોડી, લાખ કરોડ મોટા;
જાન ગયી પર દેખત, સાથ નહીં લંગોટા.....૩
કહેત કબીર સુનો ભાઈ સાધુ, જન્મ ફિર નહીં આવે;
હકક કા સોદા કર લે ભાઈ, જન્મ મરણ મિટ જાવે.....૪

**કબીર સબ જગ નિર્ધના, ધવન્તા નહિ કોઈ;**
**ધનવંત સો જાનિયે, રામનામ ધન હોય.**

## મૂરખો રળીરળી કમાણો રે,

મૂરખો રળીરળી કમાણો રે, માથે મેલશે મોટો પાણો.....ટેક
ધાઈ ધૂતીને ધન ભેળું કીધું, કોટિધ્વજ કહેવાણો;
પૂણ્યને નામે પાઈ ન વાપરી, અધવચમાં લૂટાણો રે.....મૂરખો
ભર્યા કોઠાર તારા ધર્યા રહેશે, નહિ આવે સાથે દાણો;
મસાણની રાખમાં રોળાઈ ગયા કૈંક; કોણ રંક ને કોણ રાણો રે?.....મૂરખો
મંદિર માળિયાં મેલ કરીને, નીચે જઈ ઠેરાણો;
ભોજો ભગત કહે મૂઆ પછી, જીવ ઘણો ઘણો પસ્તાણો રે.....મૂરખા

## જે ગમે જગતગુરુ દેવ જગદીશને

જે ગમે જગતગુરુદેવ જગદીશને, તે તણો ખરખરો ફોક કરવો;
આપણો ચિંતવ્યો અર્થ કાંઈ નવ સરે, ઊગરે એક ઉદ્વેગ ધરવો.....ટેક
હું કરું, હું કરું, એ જ અજ્ઞાનતા, શકટનો ભાર જયમ શ્વાન તાણે;
સૃષ્ટિ મંડાણે છે, સર્વ એણી પેરે, જોગી જોગેશ્વરા કોઈક જાણે.....જે.
નીપજે નરથી તો કોઈ ન રહે દુ:ખી, શત્રુ મારીને સૌ મિત્ર રાખે;
રાય ને રંક કોઈ દષ્ટે આવે નહિ, ભવન પર ભવન પર છત્ર દાખે.....જે
ૠતુ લતા પત્ર ફળફૂલ આપે યથા, માનવી મૂર્ખ મન વ્યર્થ સોચે;
જેહના ભાગ્યમાં, જે સમે જે લખ્યું, તેહને તે સમે તે જ પહોંચે.....જે
ગ્રંથ ગરબડ કરી વાત ન કરી ખરી, જેહને જે ગમે તેને પૂજે;
મન વચન કર્મથી આપ માની લહે, સત્ય છે એ જ મન એમ સૂઝે.....જે
સુખ સંસારી મિથ્યા કરી માનજો, કૃષ્ણ વિના બીજું સર્વ કાચું;
જુગલ કર જોડી કરી, નરસૈંયો એમ કહે, જન્મ પ્રતિ જન્મ હરિને જ જાચું..જે

ગુરુ સમાન દાતા નહીં, પાચક શિષ્ય સમાન;
તીન લોકકી સમ્પદા, સો ગુરુ દિન્હા દાન.

## રાત રહે જાહ રે, પાછલી ખટ ઘડી,

રાત રહે જાહ રે, પાછલી ખટ ઘડી, સાધુ પુરુષને સૂઈ ન રહેવું;
નિદ્રાને પરહરી, સમરવા શ્રીહરિ એક તું એક તું એમ કહેવું.....રાત.
જોગિયા હોય તેવે જોગ સંભાળવા, ભોગિયા હોય તેણે ભોગ તેજવા;
વેદિયા હોય તેણે વેદ વિચારવા, વૈષ્ણવ હોય તેણે કૃષ્ણ ભજવા.....રાત.
સુકવિ હોય તેણે સદ્ગ્રંથ બાંધવા, દાતાર હોય તેણે દાન કરવું;
પતિવ્રતા નારીએ કંથને પૂછવું, કંથ કહે તે તો ચિત્ત ધરવું.....રાત.
આપણે આપણા ધર્મ સંભાળવા, કર્મનો મર્મ લેવો વિચારી;
નરસૈંયાના સ્વામિને, સ્નેહથી સમરતાં, ફરી નવ અવતરે નરને નારી.....રાત.

## સમરને શ્રી હરિ

સમરને શ્રી હરિ, મેલ મમતા પરી, જોને વિચારીને મૂળ તારું.....
તું અલ્યા કોણને કોને વળગી રહ્યો,
વગર સમજે કહે મારું મારું.....૧
દેહ તારી નથી જોતું જુગતે કરી, રાખતા નવ રહે નિશ્ચ જાયે,
દેહ સબંધ તજે નવ નવા બહુ થશે, પુત્ર પરિવાર ન્હાયે.....૨
ધન તણું ધ્યાન તું અહોનિશ આદરે, એજ તારે અંતરાય મોટી,
પાસે છે પિયુ અલ્યા કેમ ગયો વિસરી,
હાથથી બાજી ગઈ થયા રે ખોટી.....૩
ભરનિદ્રા ભર્યો, રંધી ઘેર્યો, સંતના શબ્દ સુણી કાં ન જાગે,
નનીગતા નરસૈંયા લાજ છે અતિઘણી,
જનમો જનમ તારી ખાંત ભાંગે.....૪

**સબ ધરતી કાગદ કરું, લેખની કરું સબ બનરાય,**
**સાત સમુંદકી મસિ કરું, ગુરુ ગુન લિખા ન જાય.**

## જાગીને જોઉ તો

જાગીને જોઉ તો જગત દીસે નહિ,
ઊંઘમાં અટપટા ભોગ ભાસે;
ચિત્ત ચૈતન્ય વિલાસ તદ્રૂપ છે, બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ પાસે.....૧
પંચ મહાભૂત પરિબ્રહ્મ વિષે ઉપજયાં,
અણુઅણુ માંહી રહ્યાં તેને વળગી
ફૂલ ને ફળ તે તો વૃક્ષનાં જાણવા, થડથકી ડાળ નહિ રે અળગી......૨
વેદ તો એમ વદે, શ્રુતિ સ્મૃતિ સાખ દે,
કનક કુણ્ડળ વિષે ભેદ નોયે;
ઘાટ ઘડિયા પછી નામરૂપ જૂજવાં અંતે તો હેમનું હેમ હોયે......૩
જીવ ને શિવ તો આપ ઈચ્છાએ થયા,
રચી પરપંચ ચૌદ લોક કીધાં;
ભણે નરસૈંયો એ, 'તે જ તું' 'તે જ તું' એને
સમર્યોથી કંઈ સંત સીધ્યા......૪

## જળ કમળ છાંડી જાને બાળ

જળ કમળ છાંડી જાને બાળ સ્વામી અમારો જાગશે
જાગશે તને મારશે મને બાળહત્યા લાગશે
કહેરે બાળક તું મારગ ભૂલ્યો કે તારા વેરીએ વળાવ્યો,
નિશ્ચે તારો કાળજ ખુટયો અહિંયા તે શીદ આવ્યો.....જળ કમળ
નથી નાગરણ હું મારગ ભૂલ્યો કે નથી મારા વેરીએ વળાવિયો.
મથુરા નગરીમાં જુગટું રમતા નાગનું શીશ હું હારિયો.....જળ કમળ
રંગે રૂડો રૂપે પૂરો દીસંતો કોડીલો કોડામણો,
તારી માતાએ કેટલા જન્મ્યા તેમાં તું અળખામણો.....જળ કમળ
મારી માતાએ બેઉ જન્મ્યા તેમાં હું નટવર ન્હાનડો,
જગાડ તારા નાગને મારું નામ કૃષ્ણ કહાનુડો.....જળ કમળ

લાખ સવાનો મારો હાર આપું આપું તુજને દોરિયો
એટલું મારા નાગથી છાનું આપું તુજને ચોરિયો.....જળ કમળ
શું કરું નાગણ હાર તારો શું કરું તારો દોરિયો,
શાને કાજે નાગણ તારે કરવી ઘરમાં ચોરીઓ.....જળ કમળ
ચરણ ચાંપી મુછ મરડી નાગણે નાગ જગાડિયો,
ઊઠોને બળવંત કોઈ બારણે બાળક આવિયો.....જળ કમળ
બેહુ બળિયા બાથે વળગ્યા કૃષ્ણે કાળીનાગ નાથિયો,
સહસ્ર ફેણા ફુંફવે જેમ ગગન ગાજે હાથિયો.....જળ કમળ
નાગણ સૌ વિલાપ કરે જે નાગને બહુ દુઃખ આપશે,
મથુરા નગરીમાં લઈ જશે પછી નાગનું શીશ કાપશે.....જળ કમળ
નાગણ કરજોડી વિનવે સ્વામી મૂકો અમારા કંથને,
અમે અપરાધી કંઈ ન સમજયા ન ઓળખ્યાં ભગવંતને.....જળ કમળ
થાળ ભરીને મોતીડે નાગણે શ્રી કૃષ્ણને વધાવીયો,
નરસૈંયાના નાથ પાસેથી નાગણે નાગ છોડાવ્યો.....જળ કમળ

❊

# ગિરિતળેટીને

## પ્રભાતિયું

ગિરિતળેટીને કુંડ દામોદર, ત્યાં મહેતાજી નાહવા જાય
ઢેડ વરણામાં દૃઢ હરિભકિત, તે પ્રેમ ધરીને લાગ્યા પાય......ગિરિ.
કરજોડીને પ્રાર્થના કીધી, વિનંતીતણા બહુ વદ્યા રે વચન;
મહેતાજી અમારી અરજ એટલી, અમારે આંગણે કરો રે કિર્તન......ગિરિ.
પ્રેમ પદારથ અમો પામીએ, વામીએ જન્મ મરણ જંજાળ,
કર જોડતામાં કરુણા ઊપજી, મહેતાજી વૈષ્ણવ પરમ દયાળ......ગિરિ.
પક્ષાપક્ષી ત્યાં નહિ પરમેશ્વર, સમદૃષ્ટિને સર્વ સમાન,
ગોમૂત્ર તુલસી વૃક્ષ કરી લીપજો, એવું વૈષ્ણવે આપ્યું વચન......ગિરિ.
મહેતાજી નીશાએ આવ્યા, લાવ્યા પ્રસાદ ને કર્યો ઓચ્છવ;
ભોર થયા લગી ભજન કીધાં, સંતોષ પામ્યાં સૌ વૈષ્ણવ......ગિરિ.

ઘેર પધાર્યા હરિજશ ગાતાં, વાતો તાળ ને શંખ મૃદંગ;
હસી હસી નાગર તાળીઓ લે છે, આશા રે બ્રાહ્મણના ઢંગ......ગિરિ.
મૌન ગ્રહી મહેતાજી ચાલ્યા, અધવધારને શો ઉત્તર દઉ?
જાગ્યા લોક નરનારી પૂછે, મહેતાજી તમો એવા શું?......ગિરિ.
નાત ન જાણો, જાત ન જાણો, ન જાણો કંઈ વિવેક વિચાર,
કર જોડીને કહે નરસૈંયો; વૈષ્ણવ તણો માને છે આધાર......ગિરિ.

❈

## અખિલ બ્રહ્માંડમાં એક તું

અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રીહરિ, જૂજવે રૂપે અનંત ભાસે;
દેહમાં દેવ તું, તેજમાં તત્ત્વ તું, શૂન્યમાં શબ્દ થઈ વેદ વાસે......ટેક
પવન તું પાણી તું ભૂમિ તું ભૂધરા, વૃક્ષ થઈ ફૂલી રહ્યો આકાશે;
વિવિધ રચના કરી, અનેક રસ લેવાને,
શિવ થકી જીવ થયો એ જ આશે.....અખિલ
વેદ તો એમ વદે, શ્રુતિ સ્મૃતિ શાખ દે, કનક કુંડળ વિષે ભેદ નો'ય
ઘાટ ઘડિયા પછી નમરૂપ જૂજવા, અંતે તો હેમનું હેમ હોયે.....અખિલ
ગ્રંથ ગડબડ કરી, વાત ન કરી ખરી, જેહને જે ગમે તેને પૂજે;
મન કર્મ વચનથી, આપ માની લહે, સત્ય છે એ જ મન એમ સૂઝે.....અખિલ
વૃક્ષમાં બીજ તું, બીજમાં વૃક્ષ તું, જોઉ પટંતરો એ જ પાસે;
ભણે નરસૈંયો એ, મન તણી શોધના, પ્રીત કરું પ્રેમથી પ્રગટ થાશે......અખિલ

❈

## ધ્યાન ધર હરિતણું

ધ્યાન ધર હરિતણું, અલ્પમતિ આળસી, જે થકી જન્મના દુઃખ જાયે;
અવર ધંધા કરે, અરથ કાંઈ નવ સરે, માયા દેખાડીને મૃત્યુ વહાયે.
સકળ કલ્યાણ શ્રીકૃષ્ણના ચરણમાં, શરણ આવે સુખ પાર હોયે;
અવર વેપાર તું મેલ મિથ્યા કરી, કૃષ્ણનું નામ તું રાખ મોંએ.
પટક માયા પરી, અટક ચરણે હરિ, વટકમાં વાત સુણતા જ સાચી;
આશનું ભવન આકાશ સુધી રચ્યું મૂઢ એ મૂળથી ભીંત કાચી.

અંગ જોબન ગયું, પલિત પિંજર થયું, તોય નથી લેતો શ્રીકૃષ્ણ કહેવું;
ચેત રે ચેત દિન ચાર છે લાભના, લીંબુ લહેકાવતા રાજ લેવું.
સરસ ગુણ હરિતણા, જે જને અનુસર્યા તે તણા સુજશ તો જગત બોલે;
નરસૈંયા રંકને પ્રીત પ્રભુ શું ઘણી, અવર વેપાર નહીં ભજન તોલે.

## થાળનાં પદો

૧

આરોગો નૃસિંહ મહાપ્રભુ, આરોગો નૃસિંહ;
છપ્પન ભોગસે ભોજન, નાનાવિધ કે રંગ.....ટેક
લક્ષ્મીભોજન આપ સંભાર્યો, મનમેં ધાર્યો ઉમંગ;
પત્તવાળાં નારદમુનિ લાયો, જલભર લાયે ગંગ.....મહાપ્રભુ.....૧
ભાવપ્રીત કર ભોજન કીજે, તુમ મેરે પ્રાણ આધાર;
અંતર કી ગત અંતરર્યામી, સબ બિધ જાનનહાર.....મહાપ્રભુ......૨
આરતીસાજ ઈંદ્ર લઈ આયે, દૂર કીયો પટ ચીર;
સનક સુનંદન ચમર ઢોળાવે, ગાયે દાસ કબીર.....મહાપ્રભુ.....૩

૨

આરોગે રઘુવીર મહાપ્રભુ આરોગો રઘુવીર.....ટેક
પ્રફુલ્લિત હોયે પીરસે જનુની, ઢોળત શીતલ સમીર.....૧
કંચનથાળ જડિત કટોરા મિઠાઈ અરુખીર.....૨
છપ્પન ભોગ છત્રીસે ભોજન, નાનાવિધ કે રંગ.....૩
રામ હી લક્ષ્મણ ભરત શત્રુઘ્ન, રાજીત ચારે વીર.....૪
જનકસુતા ઝારી લઈ આયે, સરયુકો નીર.....૫
ચૂવાચંદન ઔર અગરજા, અર્ચત શ્યામ શરીર.....૬
આચમન કરકે બીડાં લીજે, ગાવે દાસ કબીર.....૭

ગુરુકો શિર પર રાખિયે, ચલિયે આજ્ઞા માંહિ;
કહૈં કબીર તા દાસકો, તીન લોક ભય નાહિ

## થાળ પછીની સાખી

રામ કહે સુખ ઉપજે, કૃષ્ણ કહે દુઃખ જાય,
મહિમા મહા પ્રસાદ કો, ખાવો પ્રીત લગાય.
સીયાવર રામચંદ્ર કી જે.
પ્રસાદ લઈ પાવન થયા, પૂર્યા મનના કોડ,
ભાવ ધરી સહુ બોલજો, જય જય શ્રી રણછોડ.
સીયાવર રામચંદ્ર કી જે.

## તુલસીદાસની સાખી

ચિત્રકુટ કે ઘાટ પે ભઈ સંતન કી ભીર,
તુલસીદાસ ચંદન ઘસે, તિલક કરે રઘુવીર.
તુલસી ઈસ સંસારમેં, ભાત ભાત કે લોગ
સબસે હિલમિલ ચાલીએ, નદી નાવ સંજોગ
રામનામ અણમોલ હૈ, બિના દામકો બિકાઈ,
તુલસી અચરજ દેખી હૈ, કોઈ ગ્રાહક નહિ હોય.
પરધન પથ્થર માનીએ, પરસ્ત્રી માત સમાન,
ઈતનેસે હરિના મિલે, તો તુલસીદાસ જમાન
પાપ પુણ્ય છૂપછૂપ કરો, સોવત કરો કે જાગ,
તુલસી કબલગ છૂપ રહે, ઘાસ ઘૂસાઈ આગ.
તુલસી યહિ તીન લોકમેં, કો જાને તનપીડ,
હૃદયા જાને આપકા, કાં જાને રઘુવીર.
તુલસી મીઠે બચનસે, સુખ ઉપજત ચહું ઓર,
યે હિ બશીકરન મંત્ર હૈ, તજીએ બચન કઠોર.
તુલસી ધીરજ મન ધરો, હાથી મનભર ખાય,
ટુકડા અન્ન કે કારણે, શ્વાન ઘર ઘર જાય.
તુલસી કહે કે સુધન, નહિ ખરચે નહિ ખાય,

માખી મધ ભેગું કરી, આખરે ઊડકે જાય.
નીચ નીચાઈ ના તજે, જો પાળે સતસંગ,
તુલસી ચંદન લપટકે, વિષ નહિ તજે ભુજંગ.
તુલસી જગમેં યું રહો, જયું જિહવા મુખમાંહિ,
ઘી ઘણા ભક્ષાં કરે, તો ભી ચીકની નાંહિ.
એક મૃગકે કારને, ભરત ધરી તીન દેહ,
તુલસી ઉનકી કથા ગતિ, ઘટઘટ કરત સ્નેહ.
તુલસી પરઘર જાયકે, દુઃખ ન કહીએ રોઈ;
માન ઘુમાવે આપનો, બાટ ન લેવેક કોઈ.

## સાખીઓ

તુલસી પંછિનકે પીએ, ઘટે ન સરિતા નીર,
ધરમ કરે ધન ના ઘટે, સહાય કરે રઘુવીર.....

રામનામમેં તુલસી, ભોજનમેં હુશિયાર,
તુલસી એસા નરનકો, બાર બાર ધિક્કાર...

## કબીરજીની સાખી

કબીર કબીર કહ્યા કરો, ખોજો આપ શરીર,
પાંચ ઈન્દ્રિયો વશ કરો, કહ ગયે દાસ કબીર.

મન મરે માયા મરે, મર મર જાય શરીર,
આશા તૃષ્ણા ના મરે, કહ ગયે દાસ કબીર.

હાડ જલે જયોં લાકડી, કેશ જલે જયોં ઘાસ,
સબ તન જલતા દેખકે, કબીરા ભયે ઉદાસ.

કબીર ગર્વ ન કીજિયે, રંક ન હસિયે કોય,

અજહુ નાવ સમુદ્રમેં, ન જાનો કયા હોય

કબીર જો દિન આજ હૈ, સો નાહિ ફિર કાલ,
ચેત શકે તો ચેત લે, શિર પર ગાજે કાલ.

કાળ ફીરે શિવ ઉપરે, હાથો ધરી કમાન
કહે કબીર ગહો નામકો, છોડ સકલ અભિમાન.

મૃગ નાભિ કસ્તુર બસે, ભટકત જંગલ હોય,
રામ બસત સબકે હૃદય, પર સમજે નહિ કોય.
મુખ દીયો પ્રભુ ભજનકુ, સુનને દિયો હૈ કાન,
તીરનેકું દી દીનતા, બુકનકું અભિમાન.

આયા હૈ સો જાયેગા, રાજા રંક ફકીર,
કોઈ સિંહાસન ચઢ ચલે, કોઈ બાંધ ચલે જંજીર.

પોથી પઢી પઢી જગ મુઆ, પંડિત ભયા ન કોય,
ઢાઈ અક્ષર પ્રેમકા, પઢે સો પંડિત હોય

પ્રેમ ન ખેતો ઉપજે, પ્રેમ ન હાટ બિકાઈ,
રાજા પરજા જિસ રુચે, સિર દે સો લે જાઈ.

કબીરા કુતા રામકા, મુતિયા મેરા નાઉ
ગલે રામકી જેબડી જિત ખેંચે તિત જાઉ'

જાતિ ન પૂછો સાધુકી, પૂછ લીજીએ જ્ઞાન,
મોલ કરો તલવાર કા, પડયા રહદને દો મ્યાન.



## મોહે લાગી લટક

મોહે લાગી લટક ગુરુ ચરનનકી
ચરન બિના મૂઝે કછુ નહિ ભાવે,
ઝૂઠ માયા સબ સપનનકી.....મોહે
ભવસાગર સબ સુખ ગયા હે
ફીકર નહિ મોહે તરનનકી.....મોહે
મીરાં કહે પ્રભુ ગિરીધર નાગર
ઉલટ ભયી મોરે નયનનકી.....મોહે

## ઝીની ઝીની ઝીની ચદરિયા

ઝીની ઝીની ઝીની ચદરિયા
ઝીની ઝીની ઝીની બુની ચદરિયા
આઠ કમલ દસ ચરખા ડોલે
પાંચ તત્ત ગુન તિની ચદરિયા
સાંઈ કો સીયત માસ દસ લગે
ઠોક ઠોક કર બુની ચદરિયા.....ઝીની.
સો ચાદર સુરનર મુની ઓઢી
ઓઢ કે મૈલી કિની ચદરિયા
દાસ કબીર જતનસોં ઓઢી
જયૂં કી ત્યૂં ધર દિની ચદરિયા.....ઝીની.

# મા બાપને ભૂલશો નહીં ...

ભૂલો ભલે બીજું બધું, મા બાપને ભૂલશો નહીં,
અગણિત છે ઉપકાર એના, એ કદી વિસરશો નહીં.
અસહ્ય વેઠી વેદના, ત્યારે દીઠું તમ મુખડું,
એ પુનિત જનના કાળજાં, પત્થર બની છૂંદશો નહીં.
કાઢી મુખેથી કોળિયો , મોમાં દઈ મોટા કર્યાં,
અમૃત તણા દેનાર સામે, ઝેર કદી ઉછાળશો નહીં
ખૂબ લડાવ્યા લાડ તમને, કોડ સૌ પૂરા કર્યાં,
એ કોડના પૂરનારના કોડ પૂરવા ભૂલશો નહીં.
લાખો કમાતા હો ભલે, પણ મા બાપ જેના ના ઠર્યાં,
એ લાખ નહીં પણ રાખ છે. એ માનવું ભૂલશો નહીં.
સંતાનથી સેવા ચાહો તો સંતાન છો સેવા કરો,
જેવું કરો તેવું ભરો, એ ભાવના ભૂલશો નહીં.
ભીને સૂઈ પોતે અને સૂકે સુવડાવ્યા આપને,
એની અમીમય આંખને, ભૂલીને ભીંજવશો નહીં.
પુષ્પો બિછાવ્યાં પ્રેમથી જેણે તમારી રાહ પર,
આ રાહબરના રાહ પર કંટક કદી બનશો નહીં.
ધન ખર્ચતાં મળશે બધું, પણ માતાપિતા મળશે નહીં,
એના પુનિત ચરણો તણી, ચાહના કદી ભૂલશો નહીં.

*

રોનક પ્રિન્ટર્સ, બારડોલી – ૩૯૪૬૦૧. ફોન : (૦૨૬૨૨) ૨૧૦૮૫ ભારત.